RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# દૈનિક અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૨૭● તારીખ: ૧૫-૦૮-૨૦૨૫,શુક્રવાર● પાના : ૧૦ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# મોં સંભાળીને બોલો, નહીંતર પરિણામ ખતરનાક હશે... ભારતનો પાકિસ્તાનને જડબાતોડ જવાબ




ભારતે આજે ગુરુવારે પાકિસ્તાનના નેતૃત્વ પર આરોપ મૂક્યો હતો કે, તે પોતાની ખામી-નિષ્ફળતા છુપાવવા જાણી જોઈને ભારત વિરોધી નિવેદનો આપી રહ્યું છે. ભારતે પાકિસ્તાનને ચેતવણી આપી છે કે કોઈપણ ખોટું પગલું ભર્યું તો તેને દર્દનાક અને ગંભીર પરિણામ ભોગવવા પડશે. વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે મંત્રાલયના સાપ્તાહિક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે વારંવાર ભારત વિરોધી નિવેદનો આપવા એ પાકિસ્તાનના નેતાઓની જાણીતી રીત છે. ભારત વિરુદ્ધ યુદ્ધ માટે ઉશ્કેરણીજનક અને દ્વેષપૂર્ણ ટિપ્પણીઓ તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. જયસ્વાલે ઈસ્લામાબાદને ચેતવણી પણ આપી છે કે, ઈસ્લામાબાદને તેના વાણી-વર્તનમાં શાંતિ રાખવા સલાહ છે. કોઈપણ પ્રકારનું દુઃસાહસ દુઃખદાયક પરિણામો આપશે. તાજેતરમાં જ તેમણે તેનો ડેમો (ઓપરેશન સિંદૂર) જોયો હતો. ઉલ્લેખનીય છે, પાકિસ્તાનના આર્મી ચીફ આસીમ મુનીરે અમેરિકાની ધરતી પરથી ભારતને પરમાણુની ધમકી આપી હતી. તેમજ સ્થગિત થયેલી સિંધુ નદી પર બંધ બાંધવા મુદ્દે કહ્યું હતું કે, જો ભારત બંધ બાંધશે તો તેને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે.




## લોકશાહી અને બંધારણ આપણા માટે સર્વોપરિ', સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિનું રાષ્ટ્રજોગ સંબોધન

આખો દેશ શુક્રવાર એટલે કે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પોતાનો ૭૯મો સ્વતંત્રતા દિવસ મનાવવાની તૈયારી કરી રહ્યો છે. ત્યારે સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ ગુરુવાર સાંજે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ રાષ્ટ્રને સંબોધન કર્યું. આ અવસરે રાષ્ટ્રપતિએ કહ્યું કે, પોતાના સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ આપણે આવી લોકશાહીના માર્ગે આગળ વધ્યાં. બધા પુખ્ત વયના લોકોને મતદાનનો અધિકાર આપવામાં આવ્યો. આપણે ભારતના ભાગ્યને અધિકાર સોંપવા માટે પોતાને સમર્પિત કરી દીધા. પડકારો છતાં ભારતના લોકોએ લોકશાહીને સફળતાપૂર્વક અપનાવી છે. ભારતને લોકશાહીની જનની કહેવું યોગ્ય છે. આપણા માટે લોકશાહી અને બંધારણ સર્વોપરિ છે.

સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ મુર્મુનું આ ચોથું સંબોધન છે અને તેનું સમગ્ર દેશમાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, 'ભારત આત્મનિર્ભર રાષ્ટ્ર બનવાના માર્ગ પર છે અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે.

## મોદી આજે PM તરીકે ૧૨મી વખત તિરંગો ફરકાવશે



આ તસવીર ૨૦૨૪ની છે. મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પર ૧૧મી વખત તિરંગો ફરકાવ્યો હતો. તેઓ આવું કરનારા ત્રીજા PM બન્યા. તેમના પહેલાં પંડિત નહેરુએ ૧૭ વખત, ઈન્દિરા ગાંધીએ ૧૬ વખત લાલા કિલ્લા પરથી તિરંગો ફરકાવ્યો હતો.૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૭૯મો સ્વતંત્રતા દિવસ ઊજવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવશે અને રાષ્ટ્રને સંબોધન કરશે. આ વખતે થીમ 'નવું ભારત' છે. મોદી દિલ્હીના લાલ કિલ્લાની પ્રાચીર પરથી સતત ૧૨મી વખત રાષ્ટ્રને સંબોધન કરશે. તેમના સંબોધન દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાયને ભારતનું વિઝન આપવામાં આવશે. ઉપરાંત આખુંસંબોધન સેનાની બહાદુરીને સમર્પિત હશે.આ વર્ષે પહેલીવાર રાષ્ટ્રગીત વગાડતા બેન્ડમાં ૧૧ અગ્નિવીર ભાગ લેશે. ઉપરાંત આમંત્રણ કાર્ડ પર ઓપરેશન સિંદૂરનો લોગો અને ચેનાબ પુલનો વોટરમાર્ક હશે.

## ઓપરેશન સિંદૂરમાં સામેલ વાયુસેના અને BSFના જવાનોને વીરતા પુરસ્કાર, વિંગ કમાન્ડર અભિમન્યુ સિંહને શૌર્ય ચક્ર

૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ કેન્દ્ર સરકારે દેશના બહાદુર જવાનો માટે વીરતા પુરસ્કારની જાહેરાત કરી હતી. જેમાં ઓપરેશન સિંદૂરમાં સામેલ વાયુસેનાના ૩૬ જવાનો અને BSFના ૧૬ જવાનોને 'બહાદુરી' અને 'અતુલ્ય સાહસ' દર્શાવવા બદલ વીરતા પુરસ્કાર એનાયત કરાયા છે. જ્યારે વિંગ કમાન્ડર અભિમન્યુ સિંહને શૌર્ય ચક્રથી સન્માનિત કરાયા છે. ભારતીય વાયુસેનાના ૯ સૈનિકોને વીર ચક્રથી સન્માનિત કરાયા છે. ભારતીય સેનાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્વતંત્રતા દિવસ પૂર્વે ભારતીય સેનાના બે વરિષ્ઠ અધિકારીઓને 'સર્વોત્તમ યુદ્ધ સેવા' મેડલ એનાયત કરવામાં આવ્યો. શૌર્ય પુરસ્કાર વિજેતાઓની યાદીમાં ૪ કીર્તિ ચક્ર, ૪ વીર ચક્ર અને ૮ શૌર્ય ચક્રનો સમાવેશ થાય છે.

ભારતીય વાયુસેનાના ૨૬ અધિકારીઓ અને વાયુસેનાઓને વાયુ સેના મેડલ (વીરતા) એનાયત કરવામાં આવ્યો છે. જેમાં પાકિસ્તાનની અંદર લક્ષ્યોને નિશાન બનાવવાના મિશનમાં ભાગ લેનારા ફાઈટર પાઈલટ્સ અને જી-૪૦૦ અને અન્ય વાયુ સંરક્ષણ પ્રણાલીઓનું સંચાલન કરતા અધિકારીઓ અને સ્ટાફનો સમાવેશ થાય છે જેણે ભારતીય ભૂમિ પર પાકિસ્તાન દ્વારા આયોજિત તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા.

# "વિભાજનની વિભિષિકા દિવસ અંતર્ગત ૧૪ ઓગસ્ટે અખંડ ભારત સંકલ્પ દિનની ઉજવણી માટે મોડાસા કોલેજમાં ઉજવાયો સુંદર કાર્યક્રમ"











ડી. કે. પટેલ- "આજરોજ એન એસ પટેલ લો કોલેજ મોડાસાના ઉપક્રમે મોડાસા કોલેજ કેમ્પસ ખાતે "અખંડ ભારત" વિષય ઉપર વકૃત્વ સ્પર્ધા સાથે જાગૃતિનો અને સંકલ્પ દિન ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન લો કોલેજ મોડાસાના ના અધ્યાપક અને ક્ષુષ્ઠ ના મેમ્બર ડો.શ્રીમતી સોનિયા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનો અને વિદ્યાર્થીઓની સાથે કાર્યક્રમના મુખ્ય મહેમાન અને અધ્યક્ષ સ્થાને અખંડ ભારત દૈનિકના મેનેજિંગ તંત્રી શ્રી બી એસ પટેલ ગાંધીનગર થી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.સોનિયા જોશી તથા ડો. અનિલભાઈ ખોખર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉત્સાહી વિદ્યાર્થીઓને તથા વકૃત્વ સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરનાર અને ભાગ લેનાર તમામને બીરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહેમાનશ્રીના સ્વાગત સાથે પ્રાસંગિક પ્રવચનમાં અખંડ ભારત વિષય ઉપર ડૉ. સોનિયા જોશી દ્વારા વકતવ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી બી એસ પટેલ મેનેજિંગ તંત્રી શ્રી અખંડ ભારત દૈનિક ગાંધીનગર દ્વારા ખૂબ જ મનનીય વકતવ્ય આપવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓ અને શ્રોતાઓને ભારતના વિભાજન ના ઈતિહાસ સાથે મા ભોમની અખંડિતતાના વિશે તેમના દ્વારા સુંદર માહિતી પૂરી પાડવામાં આવી હતી. આનંદ અને ઉત્સાહથી સૌએ મહેમાનશ્રી ને વધાવી લીધા હતા. આભાર વિધિ ડૉક્ટર અનિલભાઈ ખોખર દ્વારા કરવામાં આવી હતી. એન એસ પટેલ લો કોલેજ મોડાસાના પ્રિન્સિપાલ ડો. રાજેશભાઈ વ્યાસ તથા ડો.અશોકભાઈ શ્રોફ તથા ડો.અલ્પા ભટ્ટી દ્વારા સૌને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સરસ રીતે રાષ્ટ્રભાવનાના પ્રેરક ઉપદેશ સાથે પૂર્ણ કરવામાં આવ્યો હતો".....અખંડ ભારત

## તંત્રી લેખ......

### ૧૩૩ વર્ષ જૂની કેમેરા કંપની દેવાળિયું થવાની અણીએ, સ્માર્ટફોનના આગમનથી પડતીની શરૂઆત

એક સમયે ફોટોગ્રાફીની દુનિયામાં કોડકનું નામ વિશ્વ પ્રસિદ્ધ હતું. તે ઘણાં દાયકાઓ સુધી એક બ્રાન્ડ રહી હતી. વર્ષો સુધી અનેકગણો નફો નોંધાવ્યા બાદ સ્માર્ટફોન અને ટેક્નોલોજીના આગમનથી કોડકની પડતી શરૂ થઈ હતી. હવે કોડક કંપની વેન્ટિલેટર પર ચાલી રહી છે. તેનો ૧૩૩ વર્ષ જૂનો લાંબો વારસો ખતમ થવાની અણી પર છે.

વર્ષ ૧૮૮૮માં જ્યોર્જ ઈસ્ટમેને આ કંપનીની શરૂઆત કરી હતી. ત્યારે કંપનીનો પ્રથમ કેમેરા ૨૫ ડોલરમાં વેચ્યો હતો. જેનું નામ 'ધ કોડક કેમેરા' હતું. આ દોરમાં કેમેરાથી ફોટો ક્લિક કરવો મોટી વાત હતી. તેના માટે એક્સપર્ટની જરૂર પડતી હતી. આ સમગ્ર પ્રક્રિયા ખર્ચાળ પણ હતી. જો કે, કોડકે સામાન્ય લોકો સુધી પહોંચવા અનેક અપગ્રેડેડ કેમેરા લોન્ચ કરી અઢળક કમાણી કરી હતી. ત્યારે કંપનીએ એક નારો આપ્યો હતો 'તમે બટન દબાવો, બાકીનું કામ અમે કરીશું...' ત્યારબાદ કંપની લોકો વચ્ચે પ્રચલિત બની હતી.

૧૯૭૦ના દાયકામાં વિશ્વના તમામ દેશોમાં કોડકના જ કેમેરા વેચાતા હતાં. ત્યારબાદ કોડકે પોતાના કેમેરામાં અનેક ફેરફારો કર્યા અને લોકપ્રિયતા મેળવી. ૧૯૭૫માં કોડક માટે કામ કરતાં સ્ટીવ સેસને પ્રથમ ડિજિટલ કેમેરાનો પ્રોટોટાઈપ બનાવ્યો હતો. ત્યારબાદ અન્ય કંપનીઓને માર્કેટમાં પ્રવેશવાની તક મળી. જ્યાં સુધી કોડક ડિજિટલ કેમેરાના બિઝનેસમાં એન્ટ્રી કરવાનો પ્રયાસ કરે ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું.

૨૦મી સદીની શરૂઆતની સાથે જ ટેક્નોલોજીએ અનેક કંપનીઓને નુકસાન પહોંચાડ્યું. ઘણી કંપનીને તાળા વાગ્યા. સ્માર્ટફોનના પ્રવેશથી ફોનમાં જ ફોટો ક્લિક થવા લાગી. તેને પ્રિન્ટ કરાવવાના બદલે સોશિયલ મીડિયા પર પોસ્ટ થવા લાગી. જેથી કોડક જેવી કેમેરા ટેક્નોલોજી બનાવતી કંપનીઓના પડકારો વધ્યા. કોડકના ફિલ્મ બિઝનેસને પણ મોટું નુકસાન થયું. અંતે ૨૦૧૨માં કંપનીએ દેવાળું ફુંક્યું.

## 'હર ઘર તિરંગા – હર ઘર સ્વચ્છતા' અંતર્ગત વિવિધ કાર્યક્રમમાં

# રાજ્યભરમાંથી ૧.૨૦ લાખથી વધુ શાળા – કોલેજોના ૨૨.૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા






રાષ્ટ્રધ્વજના સન્માનમાં તા.૮થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં 'સ્વતંત્રતા સપ્તાહ' ઉજવવામાં આવી રહ્યું છે. રાજ્યના નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ, સ્વચ્છતા તેમજ દેશ પ્રત્યે વધુ રાષ્ટ્ર ભાવના આવે તે માટે 'રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત તા.૦૮ થી ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં તિરંગા સાથે સેલ્ફી કાર્યક્રમમાં ૫.૪૫ લાખથી વધુ નાગરિકો, સ્વચ્છતા ડ્રાઈવમાં ૫.૩૭ લાખથી વધુ તેમજ તિરંગા યાત્રામાં ૧૬ લાખથી વધુ એમ કુલ મળીને ૨૬ લાખથી વધુ દેશભક્ત નાગરિકો જનભાગીદારીથી જોડાયા હતા. ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં તિરંગાયાત્રાના આયોજનની સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો આયોજન પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૧૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ૬૦ હજારથી વધુ નાગરિકોની જનભાગીદારીથી તિરંગા યાત્રાનું સુરત ખાતે સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં 'હર ઘર તિરંગા – હર ઘર સ્વચ્છતા' કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરની ૧.૨૦ લાખથી વધુ શાળા – કોલેજો મળીને ૨૨.૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ દેશભક્તિને રજૂ કરતી ચિત્રકલા, રંગોળી, પત્રલેખન, ક્વીઝ, વેશભૂષા, મહેંદીની સ્પર્ધામાં જોડાયા હતા. આ ઉપરાંત વડોદરા ખાતે તા.૧૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૨૫ હજાર નાગરિકો ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રામાં જોડાઈને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. રાજ્યભરમાં તિરંગા યાત્રાને વધુ સફળ બનાવવાં માટે અંદાજિત ૫૦ લાખથી વધુ તિરંગાનું યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા વિનામૂલ્યે વિતરણ કરાવવામાં આવ્યું હતું તેમ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિ કચેરી ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે. યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, 'હર ઘર તિરંગા – હર ઘર સ્વચ્છતા'ની થીમ અંતર્ગત તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભરૂચ, નર્મદા, અમદાવાદ, સુરેન્દ્રનગર, છોટા ઉદેપૂર, આણંદ, નવસારી, મહેસાણા, મોરબી, વડોદરા, અરવલ્લી, વલસાડ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, દાહોદ, પોરબંદર, જામનગર, બનાસકાંઠા, પંચમહાલ, ડાંગ જિલ્લામાં તેમજ તા.૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સાબરકાંઠા, કચ્છ, પાટણ, આણંદ, મહેસાણા, વલસાડ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, દાહોદ, પંચમહાલ જિલ્લામાં તથા તા.૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ કચ્છ, સુરેન્દ્રનગર, ગાંધીનગર ખાતે શાળા કક્ષાએ, ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ તિરંગા યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભરૂચ, રાજકોટ, પાટણ, ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ બોટાદ, નવસારી, મોરબી, રાજકોટ જિલ્લામાં તેમજ તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભરૂચ, રાજકોટ, જામનગર ગાંધીનગર જિલ્લામાં શાળા કક્ષાએ, ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે.

# "શિતળા સાતમનો ભાવ 'સમંદર હિલોળવા'જેવા રાજસ્થાની તહેવાર સાથે જોડાયેલો લાગે છે!!!.



"હે શિવશંકર, ભવાનીશંકર, હર હર શંકર..તવ શરણમ્પ. ! આશુતોષ અવિનાશિ અજન્મા જગપિતા શિવ તવ શરણમ્ !

હે વૃષભધ્વજ, હે ધર્મધ્વજ, પશુપતે, ગિરીશ તવ શરણમ્ !.........

"મિત્રો,શ્રાવણ ની શીતળા સાતમ વિશે કંઈક લખવા માટે મનમાં ઘણા ખંખોળા કર્યા..પછી પણ કંઈ વિશેષ પ્રકાશ થતો નથી.શિતળતાના સ્વીકાર સાથે જીવન જીવવાની એક વિશિષ્ટ માન્યતાઓ જેવી જ શિતળ ઘટના લાગે છે !!!! પરંતુ શિતળ બનવાની પ્રેરણા આપણને આવા તહેવાર થી સમજાય છે."

સંતો અને બાવજી પણ કહે છે બીજા ને ઠાળશો તો તમે ઠળશો !!!!! મતલબ સર્વત્ર શિતળતા ફેલાવો, પણ આપણી પાસે તેનું જ્ઞાન કયાં છે ? આપણે તો માત્ર માન્યતાઓ માંજ રાચીએ છીએ. હિન્દુ ધર્મમાં એવી માન્યતા છે કે બ્રહ્મા સર્જે, વિષ્ણુ પોષે અને શિવ સંહારે. શિવજી એ સંહાર શેનો કર્યો? એમણે જ્ઞાનના ભ્રમને ભાંગવાનું કામ કર્યું. શિવજીએ વારંવાર યાદ કરાવ્યું છે કે જ્ઞાનના ગુમાનમાં ફરવાનું રહેવા દો. પહેલાં તો એ જાણો કે તમે કંઈજ જાણતા નથી જે કંઈ વ્યક્ત કરો છો એ માત્ર માનો છો એ છે..... "માન્યતાઓ અજ્ઞાનને પોષવાનું કામ કરે છે. અથવા એમ કહી શકાય કે " માન્યતા પોતે જ અજ્ઞાનની ઘોડેસવારી" છે. માન્યતા એવાં પારદર્શક વસ્ત્રો જેવી હોય છે, જેને પહેર્યા પછી માણસ એવો દાવો તો કરી શકે કે એ નગ્ન નથી!!! જોકે એવું પણ નથી કે આપણે કશું જ નથી જાણતા. એક વત્તા એક બરાબર બે થાય છે એ તો આપણે જાણીએ છીએ એ જાણકારી ભૌતિક-વૈજ્ઞાનિક-વ્યવહાર ની રીતે સાચી પણ છે, પરંતુ એવી બીજી અનેક બાબતો છે જેમાં માનવીનું મર્યાદિત મન એનામાં રહેલી મર્યાદિત સામગ્રીને છેવટના સત્ય તરીકે સ્વીકારી લેવા પ્રેરાતું હોય છે. સ્વીકારી ન લો, ચકાસો. અને જ્યારે ચકાસશો ત્યારે સમજાશે કે તમે જેને નક્કર ધારેલું એ જ્ઞાન બોદું હતું.અને પછી આપણે ડરી જઈએ છીએ. જો ડરીને અટકી જવાને બદલે એમાં કૂદી પડશો તો અચાનક આપણામાં રહેલી પાંખો ફેલાશે અને આપણે ઊડી શકીશું. આવો ખેલ કોઈને પણ ખતરનાક લાગી શકે. પણ એને પ્રજ્ઞા કહી શકાય. એ જ આંતરિક પ્રજ્ઞાનુ નક્કરપણું, ન્યાય અને નૈતિકતા વિશેના આપણા વિચારોનું આજે પણ એકદમ પ્રસ્તુત હોય જ છે. આ અનુભવ જાણે ઠંડા પાણીથી સ્નાન કરીને સ્વચ્છ થયા હોય તેવો છે."

સનાતન ધર્મની મૂળભૂત બાબતો માત્ર પૂજા-સેવા કે કર્મકાંડ પુરતી સીમિત નથી. દરેક દિવસ તથા તહેવાર મહાજ્ઞાન તરફ ની દિશાસૂચકતા હોય છે. શ્રાવણના તમામ તહેવાર શિવોહમ્ જ્ઞાનની ભેદકતા સાથે સંકળાયેલા છે. એ પછી ઉપવાસ કરવો એ પણ ભગવાન સાથે જોડાયેલા રહેવા માટે ની પ્રક્રિયા હોય કે પછી જળાભિષેક હોય કે અન્ય તમામ ક્રિયાઓ હોય, એ તમામ ને પ્રજ્ઞાના માધ્યમ થી ચકાસણી કરવાની હોય છે નહિ કે માત્ર માન્યતાઓ છે માટે કરવી.

"હિન્દુ ધર્મમાં ખૂબ જ ઉચ્ચ દરજ્જા નું દર્શનશાસ્ત્ર રહેલુ છે.મારા જેવા ની તાકાત પણ નથી કે તેના ઉપર પ્રકાશ પાડી શકાય!!! . આતો માત્ર આત્મા દ્વારા થયેલો એક ઝબકાર હોય છે... કદાચ કોઈ ને પણ પ્રજ્ઞાના તારા તરફ દોરી જાય એવી ભાવના સાથે......"ખેર... આપણે શિતળા સાતમના તહેવાર ની મુલવણી કરીએ...તો ટાઢું ખાવાનું, ઠંડા પાણીથી નહાવાનું... ડર સાથે પ્રકૃતિને પૂજય ગણવાની ઘટના છે.

મિત્રો, શીતળા સાતમના દિવસે પ્રથમ વખતે પુત્રને જન્મ આપનાર વહુઆરુઓ દ્વારા તળાવના પાણીમાં નાળિયેરને રમતું મૂકવામાં આવે તથા કંકુરોળવાની વિધિ પણ કરવામાં આવે છે. રાંધણછઠના દિવસે રાંધેલ ઠંડો ખોરાક સાથે ઠંડા પાણીથી સ્નાન કરવાની પરંપરા શીતળા સાતમના દિવસે થતી હોય છે.



"આવો જ એક શીતળા સાતમ જેવો જ તહેવાર રાજસ્થાનના કેટલાક પ્રદેશોમાં પણ ઉજવાય છે જેને "સમંદરહીલોરા" એટલે કે સમુદ્રને વલોવવાની ઘટના ના નામે ઉજવવામાં આવે છે. ત્યાં પણ તળાવમાં આવેલ પાણીમાં ગામની સ્ત્રીઓ નવી નકોરપિત્તાળની ગાગર લઈને એકસાથે સમગ્ર તળાવના પાણીને હલાવે છે અને પછી અંદર પાણી ભરીને ઘરે લાવી પોતાના પતિને પાણી પાતી હોય છે. ગામના યુવાનો આ વિધિ દરમિયાન તળાવમાં નાખવામાં આવેલ નાળિયેરને પકડવા માટે ધમાચકડી મચાવતા હોય છે."

શ્રાવણ મહિનાના તહેવારમાં વર્ષાઋતુ દ્વારા ઠેર ઠેર નદીનાળા અને તળાવોમાં ભરેલા પાણીનું જાણે સ્વાગત કરવાનો પ્રસંગ હોય એવી ઘટના શીતળા સાતમ સાથે પણ જોડાયેલી છે...આવી અઢળક માન્યતાઓ સાથે અનેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.શીતળા સાતમની વિશિષ્ટ વાર્તા પણ છે.

"સોળે કળાએ ખીલેલી પ્રકૃતિને આવકારવા માટે જાણે શ્રાવણના ચાર પાંચ દિવસના તહેવારો એટલે કે બોળચોથ,નાગપંચમી,રાંધણછઠ,શીતળા સાતમ, જન્માષ્ટમી અને નંદજન્મોત્સવ દ્વારા સમગ્ર શ્રાવણ મહિનાને ખૂબ જ વિશિષ્ટ રીતે ઉજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની પરંપરા પણ તહેવારો સાથે જોડાયેલી છે. ભારતના લોકોનું લોકજીવન તહેવારો વિના અધૂરું લાગે છે. દરેક તહેવારો વિશે એક અને અનેક વાર્તાઓ છેલ્લે તો કુદરતને બચાવવા માટે અને કુદરતના



સ્વાગત માટે હોય છે. પ્રકૃતિના તત્વો, જીવો, વૃક્ષો વિગેરે નું પૂજન પણ આ જ તહેવારોના લીધે થતું હોય છે.. .."

પ્રકૃતિને આવકારતા દિવાળી, હોળી, ગણેશ ચતુર્થી, રમઝાન, ક્રિસમસ, પોંગલ, છઠ પૂજા, રક્ષાબંધન, કડવાચોથ, દુર્ગાપૂજા, ઓણમ, જન્માષ્ટમી જેવા કેટલાય તહેવારો ભારતમાં લોકપ્રિય છે.

ભારતની બહારના લોકો આપણી સંસ્કૃતિને ચાહે છે અને જે ઉત્સાહથી આપણે ભારતમાં હિન્દુ તહેવારો ઉજવીએ છીએ તેની પ્રશંસા કરીએ છીએ. ભારતમાં ઉત્સવો, ભારતીય સંસ્કૃતિ, સ્વાદ અને પરંપરાઓનું નિરૂપણ કરે છે જે આપણને દેશભક્તિ, સમાનતા અને એકતાની દોરીમાં રાખે છે એટલે તો કહેવાય છે કે ભારત એ તહેવારો નો દેશ છે.... રામે... રામ.

**મેનેજિંગ તંત્રી**



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# ડાંગ ખાતે એડવાઈઝરી કમિટીની મિટીગ યોજાઈ



ઘિસારામ ચૌધરી - બેટી બચાઓ બેટી પઢાઓ દિવસના ઉજવણીના તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ દરમિયાન "નારી વંદન ઉત્સવ" અંતર્ગત તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ બેટી બચાઓ બેટી પઢાઓ દિવસના ઉજવણીના ભાગરૂપે PC&PNDT Actનો વર્કશોપનું આયોજન સવિલ હોસ્પિટલ,આહવા ખાતે કરવામાં આવેલ, જે અંગેની તમામ સભ્યોને જાણકારી આપવામાં આવી.તથા છેલ્લા બે વર્ષ (૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫)નો Sex Ratio Techo+ મુજબ ચર્ચા કરતા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જણાવ્યું કે, જે તાલુકાના પ્રા.આ.કે./હેલ્થ અને વેલનેશ સેન્ટરમાં ઘટાડો હોય તે વિસ્તારમાં IEC કરી બહોળો પ્રચાર-પ્રસાર થાય તેવું આયોજન કરવા જણાવ્યુ, તેમજ PC & PNDT Act-૧૯૯૪ અંતર્ગત રજીસ્ટ્રેશન થયેલ તમામ સંસ્થા ખાતે The PC & PNDT Act અંતર્ગત નિભાવવામાં આવતા રિપોર્ટ,રજીસ્ટર તથા સોનોગ્રાફી પ્લેટ જેવા તમામ દસ્તાવેજોની ચોક્સાઇ પુર્વક નિભાવાણી થાય તથા રજીસ્ટ્રેશન થયેલ તમામ સંસ્થા ખાતે સોનોગ્રાફી મશીન વાપરનાર ડોક્ટરશ્રી દ્વારા એફીડેવિટમાં જણાવવામાં આવેલ વાર તથા સમય મુજબ જ વપરાય છે કે કેમ? તે શિવાય અન્ય કોઇ ન વાપરે તે બાબતની ખરાઇ માટે તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓને ક્લિનિક વેરીફિકેશન કરવા માટે ભાર પુર્વક જણાવવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# સીગંવડમાં તિરંગા યાત્રા યોજાઈ



બારિયા વિજય ભાઈ - દાહોદ જિલ્લાના સીગવડ તાલુકામાં દાહોદ જિલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર ના અધ્યક્ષ સ્થાને સીગવડ તાલુકા ની વહીવટી તમામ ડીમ તેમજ ભાજપ સંગઠન દ્વારા ભવ્યતિ ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.-અખંડ ભારત

# સંતરામપુર માં તિરંગા યાત્રા યોજાઈ



પરમાર શૈલેષ કુમાર - દેશના ૭૯ માં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે સંતરામપુરમાં તારીખ ૧૪ ઓગસ્ટના રોજ એક ભવ્ય તિરંગા યાત્રા નું આયોજન નગરમાં કરવામાં આવ્યુ.

લોકોમાં દેશભક્તિનો માહોલ ઉભો કરવા આગામી ૮ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ અભિયાન સંતરામપુર તાલુકા કક્ષાએ ત્રિરંગા યાત્રા યોજાઈ હતી.-અખંડ ભારત

# કનીજ થી સાખેજ જતા રોડ ઉપર સ્પીડ બ્રેકર મુકવા માંગ



તડવી દિલીપ ભાઈ - ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના કનીજ ગામે પ્રધાનમંત્રી ગ્રામીણ સડક અંતૅગત યોજના થી એક ગામ થી બીજા ગામ સાથે ની કનેક્ટેડ થયા છે પરંતુ ભોગોલીક પરિસ્થિતિ ને ધ્યાન માં રાખીએ તો જ્યાં જરૂર છે ત્યાં સ્પીડ બેકર બમ્પ મુકવામાં આવ્યા નથી તેના કારણે ગંભીર દુઘૅટના થવાની શક્યતા રહેલી છે તો ગામ જનોની માંગણી છે સત્વરે સ્પીડ બેકર મુકવામાં આવે તો અકસ્માતો નિવારી શકાય તેમ છે.-અખંડ ભારત

# પાર તાપી નર્મદા રિવરલિંક પ્રોજેક્ટનો વિરોધ





પટેલ સંજય - વાંસદા ચીખલીના ધારાસભ્યશ્રી અનંત પટેલ અને પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ વિરોધી સઘર્ષ સમિતિ અને મોટી સંખ્યામાં લોકો સાથે વિરોધ કરવામાં આવ્યો જ્યાં ગુજરાત વિરોધપક્ષ નેતાશ્રી અમિતભાઈ ચાવડા સાહેબ,મધ્યપ્રદેશના ધારાસભ્ય શ્રી ડૉ. વિક્રાંત ભુરીયા,મહા રૂઢિગ્રામ સભા અધ્યક્ષ શ્રી રમેશ પટેલ, સોનગઢ તાલુકા પંચાયત માજી પ્રમુખશ્રી યુસુભ ગામીત અને ખુબજ મોટી સંખ્યામાં આદિવાસી સમાજની હક અને અધિકારની લડાઈ લડતા યોદ્ધાઓ અને આગેવાનો હાજર રહ્યા હતા અને આવેલ તમામ લોકોએ સ્વેતપત્રની માગણી કરી હતી. અને જ્યાં સુધી સ્વેતપત્ર જાહેર ના કરવામાં આવે ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશેની વાત કરવામાં આવી હતી.-અખંડ ભારત

# ઝાલોદ કેળવણી મંડળના હોદ્દેદારોની નિમણૂંક કરાઈ

નિલેશ પંચાલ - ઝાલોદ કેળવણી મંડળના નવા પદા અધિકારી તરીકે યુવાન અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ યુવાનો પ્રમુખ તરીકે હેમલભાઈ પંચાલ અને ઉપપ્રમુખ તરીકે કંઈક કરી છૂટવાની તૈયારી સાથે યુવાન પાર્થ ભાઈ પટેલ ની નિમણૂક થયેલ છે જાણીને આનંદ અને સંતોષની લાગણી સાથે ખુબ ખુબ અભિનંદન દેશપ્રેમ અને ધાર્મિક ઉજવણીના તહેવારો વચ્ચે અને શિક્ષણની સંસ્થા ને સમાચાર અને અનુભવી અને સતત ઝાલોદ નગરસેવક તરીકે લાગણી ધરાવનાર વિવિધ સેવા કરવા તૈયાર રહેનાર મંત્રી ભાઈશ્રી કેતનભાઇ પટેલ અને સહમંત્રી તરીકે ભાઈ મનોજભાઈ પટેલ ની નિમણૂંક કરાઈ છે.-અખંડ ભારત

# કવાંટ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



દિનેશ પરમાર - કવાંટ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૭૯ નાં સ્વાતંત્ર દિન ની ઉજવણીનાં ભાગ રૂપે ઈન્દુ બ્લડ બેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ટોટલ ૦૯ યુનિટ બોટલનું કલેક્શન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# ઘોઘંબામાં તિરંગા યાત્રા યોજાઈ



જાદવ રવિન્દ્ર સિંહ - ઘોઘંબામાં નિકળેલી તિરંગા યાત્રામાં સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાઈ દેશ ભક્તિના રંગે રંગાયા હતા.-અખંડ ભારત

# ધનાર પાટીયા નજીકથી ૯ શકુનિ જુગાર રમતા ઝડપાયા




સનુભાઈ સંગાડા - દાહોદના ધાનપુર તાલુકાના ધનાર પાટિયા નજીકથી એલસીબી ટીમે બાતમીના આધારે શ્રાવણીયો જુગાર રમતા ૯ ઈસમનોને ૫.૮૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત

# જંત્રાલ માં તિરંગા યાત્રા યોજાઈ



ગંભીરસિંહ મકવાણા - જંત્રાણ (જંબુસર): આજરોજ જંત્રાણ વિદ્યામંદિર અને જંત્રાણ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે 'હર ઘર તિરંગા' કાર્યક્રમ હેઠળ ગામમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના મૂલ્યોનો સંચાર કરવાનો હતો.-અખંડ ભારત

# બાકોરમાં તિરંગા યાત્રા યોજાઈ



અમૃતભાઈ મછાર - આજ રોજ બાકોર મુકામે સરકારી વહીવટી તંત્ર દ્વારા તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું જેમાં મામલતદાર ઓફિસ સ્ટાફ, તાલુકા પંચાયત સ્ટાફ, પોલીસ સ્ટાફ, પદાધિકારી ગણ તથા શાળા ના બાળકો અને ગ્રામજનો મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# ભાવનગર મહાનગર દ્વારા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી




વિકાસભાઈ ચોઈથાણી - ઝવેરચંદ મેઘાણી મીની ઓડિટોરિયમ, સરદારનગર ખાતે ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગર દ્વારા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત શહેર અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ) ની અધ્યક્ષતામાં તથા મુખ્ય વક્તાશ્રી, પૂર્વ પ્રદેશ અધ્યક્ષશ્રી અને પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી આર. સી. ફળદુ સાહેબ ની વિશેષ ઉપસ્થિતિમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ વિષય પર સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# પુંસરીના આર્મી જવાનને ગાર્ડ ઓફ ઓનર સાથે વિદાય અપાઈ



કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામ ના વતની પરમાર રાજેન્દ્રસિંહ અમરસિંહ ઈન્ડિયન આર્મી માં ચંદીગઢ અંબાલા ફરજ બજાવતા હતા પુંસરી ગામ ના આ યુવાન સહિદ થતાં તેમના પાર્થિવ દેહને પુંસરી ગામ લવાયો તેમની અંતિમ વિદાય માં ગામના અસંખ્ય લોકો જોડાયા આર્મી જવાને અંતિમ વિદાય માં આર્મી જવાનો ગાર્ડ ઓફ ઓનર સાથે સલામી આપી વિદાય આપી વંદે માતરમ્ ભારત માતા કી જય ના નારાઓ સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. અખંડ ભારત

# મોરવા હડફમાં તિરંગા યાત્રા યોજાઈ



પર્વતભાઈ પટેલ - મોરવા હડફ ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણીના ઉપક્રમે આશાપુરા મંદિર ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. આ યાત્રા પરાક્રમ અને શૌર્યના સમન્વય સાથે ભારતના વિશ્વને શાંતિનો સંદેશ આપતા સ્વરૂપનું પ્રતિબિંબ બની. સમૃદ્ધ મા ભારતીને વંદનાનો આ અવસર દેશભક્તિની ભાવનાથી ઉર્જાવાન બન્યો.મોટી સંખ્યામાં મોરવા હડફના નાગરિકો આ તિરંગા યાત્રામાં જોડાઈને પ્રચંડ દેશભક્તિનો અનન્ય સંદેશ આપ્યો હતો.-અખંડ ભારત

# નારોલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી



દરબાર દેવાનધર - અમદાવાદના નારોલમાં આવેલ એકતા મા.શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થી રાધા કૃષ્ણ બનાવી રાસ ગરબા તેમજ કૃષ્ણ જન્મ વિશે જાણકારી આપી ઉજવણી કરવામાં આવી હતી.-અખંડ ભારત

# પલાસાણામાં તિરંગા યાત્રા યોજાઈ




ઠાકોર દિલીપજી - કલોલ તાલુકાના પલાસાણામાં તિરંગા યાત્રા યોજાતા સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાઈ દેશ ભક્તિના રંગે રંગાયા હતા.-અખંડ ભારત

## બી.ઝેડ.સંસ્કાર સ્કૂલ રાયગઢ ખાતે જન્માષ્ટમીની ઉજવણી



શૈલેષ પંચાલ - હિંમતનગર તાલુકાની બી. ઝેડ. સંસ્કાર સ્કૂલ ખાતે બાળકો દ્વારા હર્ષોલ્લાસ સાથે ધામધૂમથી શ્રી કૃષ્ણ ભગવાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી.જેમાં તમામ બાળકોએ ભાગ લઈ ભગવાન શ્રી કૃષ્ણ ની મટકી ફોડી ઉજવણી કરી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં સ્કૂલના આચાર્યશ્રી, સ્ટાફ મિત્રો તથા તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.-અખંડ ભારત

## શાળાના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલી ૬૦૦ ફૂટ લંબાઈના તિરંગા સાથેની રેલીએ લોકોમાં રાષ્ટ્રભક્તિના રંગો પૂર્યા



રઘુભાઈ ઘોડાસરા - જોડિયા તાલુકાના કેશિયા ગામમાં 'હર ઘર તિરંગા' અને 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ હેઠળ રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડાની હાજરીમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૬૦૦ ફૂટના તિરંગા સાથે યોજાયેલ વિશાળ રેલી સૌના આકર્ષકનું કેન્દ્ર બની હતી.આ વર્ષની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ હેઠળ ગ્રામજનો, વિદ્યાર્થીઓ, તિરંગા યાત્રામાં જોડાયા હતા.તિરંગા યાત્રા બાદ, 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા સહિતના મહાનુભાવો દ્વારા કેશિયા ગામમાં સાફ-સફાઈ કરવામાં આવી હતી.?આકાર્યક્રમમાં જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી ચંદ્રિકાબેન અઘેરા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમશી ચનીયારા, પ્રાંત અધિકારી શ્રી સ્વપ્નિલ સિસલે,જોડીયા તાલુકા ભાજપ પ્રમુખ જયસુખભાઈ પરમાર, મામલતદાર શ્રી જેનિશ મહેતા, અને તાલુકા વિકાસ અધિકારી શ્રી બ્રિજેશ સોજીત્રા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રી મંગાભાઈ ધ્રાંગિયા, સરપંચ શ્રી મિતાલીબેન ભટ્ટી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## મહેમદાવાદમાં જન્માષ્ટમીને લઈને સ્વચ્છતા હાથ ધરાઈ



દીલીપ તડવી - ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામા દર વર્ષ ની જેમ આ વષૅ પણ જન્માષ્ટમી ના મેળા ને ધ્યાન માં લી કનીજ ગામ પંચાયત દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં મોટી ભાગોળ વિસ્તારમાં જ્યાં મેળો ભરાય છે ત્યાં સરપંચ શ્રી તલાટી શ્રી તથા ગામના હોદેદારો દ્વાર મુલાકાત લેવામાં આવી હતી અને જન્માષ્ટમી ની ઉજવણી સારી રીતે થાય અને કૈઈ પણ જાતની તક્લીફ ન પડે તેના માટે સરપંચશ્રી તલાટી શ્રી તથા ગામના આગેવાનો એ સુચન કર્યું હતું

અખંડ ભારત

## સ્વતંત્રતા દિવસે ડાંગની તમામ પંચાયતોમા યોજાશે ખાસ ગ્રામસભા

ઘિસારામ ચૌધરી - સ્વતંત્રતા દિવસ એ માત્ર રાષ્ટ્રીય ઉજવણી જ નહીં, પરંતુ સ્વચ્છ ઉર્જાની સુલભતા, ટકાઉપણુ અને સમુચિત વિકાસ જેવા મહત્વપૂર્ણ વિષયો પર સમુદાયોને એકત્ર કરવાની તક પણ છે. ત્યારે રાજ્યના પંચાયત વિભાગ, ઉર્જા, ગ્રામીણ વિકાસ યોજનાઓ વિગેરેનો યોગ્ય સ્તરે વ્યાપક પ્રચાર પ્રસારના ઉદ્દેશ્ય સાથે આ 'ખાસ ગ્રામસભા' ઓ યોજાનાર છે.ગ્રામસભામાં ચર્ચામા લેવાતા ગામ લગત પ્રશ્નો સાથે ગ્રામ્ય કક્ષાએ ખાસ કરીને યુવાનોમાં ટ્રાફિકને લાગતી સંવેદના ઊભી કરવા ગ્રામસભામાં એજન્ડા તરીકે ×માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિ થકી ગ્રામ્ય સુરક્ષા× ના મુદ્દાની ચર્ચા સાથે સામૂહિક પ્રતિજ્ઞા વાંચન પણ સુનિશ્ચિત કરાશે, તેમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ.વસાવાની એક અખબારી યાદીમા જણાવાયુ છે.-અખંડ ભારત

## શિયાણી નજીક ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત



પરેશ પ્રજાપતિ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના શિયાલી ગામ નજીક એક મોટરસાયકલ ચાલક પર ટ્રક ચડી જતા આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલકનું ઘટના સ્થળેજ કરૂણ મોત નીપજ્યું હતું,જોકે મૃતકની પત્નીએ તેના પતિ પર રાજકીય કિન્નાખોરીથી ઈરાદાપૂર્વક ટ્રક ચડાવી દીધી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ લખાવાતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. મૃતકની પત્ની ઉજમબેન ભોગીલાલ વસાવા રહે.ગામ શિયાલી તા.ઝઘડિયાનાએ ઝઘડિયા જીઆઇડીસી પોલીસમાં લખાવેલ ફરિયાદ મુજબ ગતરોજ સવારના સાડા સાત વાગ્યાના અરસામાં તેઓ તેમના પતિ ભોગીલાલ પરભુભાઈ વસાવા સાથે તેમની મોટરસાયકલ પર બાડાબેડા જવાના ત્રણ રસ્તા પાસે આવેલ તેમના ખેતરે પશુઓ માટે ઘાસચારો લેવા ગયા હતા.તે સમયે મેઈન રસ્તા પર એક ટ્રક ઉભેલી હતી.ત્યારબાદ સવા દસ વાગ્યાના અરસામાં ઘાસ કાપીને તેનો ભારો મોટરસાયકલ પાછળ બાંધીને ભોગીલાલભાઈ મોટરસાયકલ ચાલુ કરીને ઘરે જવા નીકળ્યા હતા,તે દરમિયાન બાડાબેડા ત્રણ રસ્તા તરફથી એક ટ્રકનો ડ્રાઈવર સ્પિડથી ટ્રક ચલાવીને આવ્યો હતો,આ ટ્રક ભોગીલાલભાઈની મોટરસાયકલ પર ચડી જતા મોટરસાયકલ ટ્રક સાથે થોડે દુર સુધી ઘસડાઇ હતી.આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક ભોગીલાલ વસાવા ગંભીર રીતે જખ્મી થતાં તેમનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. જોકે મૃતક ભોગીલાલ વસાવાની પત્ની ઉજમબેન વસાવાએ પોલીસ ફરિયાદમાં આ ટ્રક તેમના પતિની મોટરસાયકલ પર ઈરાદાપૂર્વક ચડાવી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો,તેમજ સુભાષભાઇ નામના માણસે ભોગીલાલભાઈના સંબંધી નિલેશભાઈને ફોન દ્વારા આ ટ્રકનો કબ્જો દિલિપભાઇ વસાવા અને રણજીતભાઇ વસાવા પાસે હોવાનું જણાવ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું. મૃતક ભોગીલાલ વસાવાની પત્ની ઉજમબેન વસાવાએ તેમના પતિ પર ઈરાદાપૂર્વક ટ્રક ચડાવી દઇ તેમનું મોત નીપજાવ્યું હોવાના આક્ષેપ સાથે ટ્રક ચાલક વિરૂધ્ધ ઝઘડિયા જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ લખાવી ઘટનામાં રાજકીય કિન્નાખોરીથી આ કૃત્ય કરેલ હોવાનો આક્ષેપ કરતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.-અખંડ ભારત

## ઘોઘંબામાં તિરંગા યાત્રા યોજાઈ



સજ્જનસિંહ પરમાર - ×હર ઘર તિરંગા – હર ઘર સ્વચ્છતા× અભિયાન અંતર્ગત આજે ઘોઘંબા ખાતે આયોજિત ભવ્યાતિભવ્ય તિરંગાયાત્રામાં હાલોલ ધારાસભ્યશ્રી જયદ્રથસિંહજી પરમાર અને કાલોલ ધારાસભ્યશ્રી ફતેસિંહ ચૌહાણ તેમજ તાલુકા વહીવટીતંત્ર ઘોઘંબા સરપંચ નિલેશ વરીઆ અને તાલુકા ભાજપના આગેવાનો સરપંચો તેમજ ગામના દરેક નાગરિકો સહિત ગામની નાલંદા વિદ્યાલય અને એસ એચ વરીઆ હાઈસ્કૂલ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા.-અખંડ ભારત

## કરંજખેડ ખાતે તિરંગા યાત્રા યોજાઈ



કોંકણી મુકેશભાઈ - તાપી જીલ્લાના ડોલવણ તાલુકાના કરંજખેડ ગામે પી.એમ.શ્રી પ્રા. શાળાના બાળકોએ ભવ્ય તિરંગા નું આયોજન કરવામાં આવ્યું તિરંગા યાત્રા માં ગામના સરપંચ શ્રી મહેશભાઈ અને શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો જોડાયા હતા.-અખંડ ભારત

## વેડમાં તિરંગા યાત્રા યોજાઈ



અલ્કેશભાઈ - દે. બારીયાના વેંડ ગામની ઉ.માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ તિરંગા યાત્રામાં વંદે માતરમ્ અને ભારત માતા કી જયના જયઘોષ સાથે ગામમાં ફરતા ગામમાં દેશ ભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.-અખંડ ભારત

## શ્રી સાર્વજનિક દેવમોગરા માઈ મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૫૬ દર્દીઓ અને શ્રી હરસિધ્ધી મંદિર સેવા ટ્રસ્ટ દ્વારા ૧૮૧ દર્દીઓને "નિક્ષય મિત્ર" બનાવાયા




જીતેન્દ્રસિંહ - રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "ટીબી મુક્ત ભારત" અભિયાનને સાકાર કરવા માટે નર્મદા જિલ્લામાં નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. નર્મદા જિલ્લો આકાંક્ષી જિલ્લો હોવાથી, ટીબીના દર્દીઓને ઝડપથી નિદાન અને સમયસર પૂરતી સારવાર સાથે જરૂરી પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નર્મદા જિલ્લામાં હાલમાં ૬૨૧ ટીબી દર્દીઓ સરકારી દવાખાના સારવાર મળી રહી છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે.મોદી દ્વારા પાંચ જરૂરીયાતમંદ ટીબી દર્દીઓને નિક્ષય મિત્ર બની દત્તક લઈને ન્યુટ્રિશિયન કિટ વિતરણ કરવામાં આવી હતી. કલેકટરશ્રીના સહયોગથી શ્રી હરસિધ્ધી મંદિર સેવા ટ્રસ્ટ દ્વારા દર્દીઓને નિક્ષયમિત્ર બની નાંદોદ તિલકવાડા અને ગરૂડેશ્વર તાલુકાના કુલ ૧૮૧ ટીબી દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. જ્યારે દેવસ્થાન શ્રી સાર્વજનિક દેવમોગરા માઈ મંદિર ટ્રસ્ટે "નિક્ષય મિત્ર" બનીને દેડીયાપાડા અને સાગબારા તાલુકાના સરકારી દવાખાનામાં નોંધાયેલા ૨૫૬ ટીબીના દર્દીઓને દત્તક લીધા છે. જેમને પોષણયુક્ત ન્યુટ્રિશન કિટનું વિતરણ કરવામાં આવેલ છે. અન્ય બાકી દર્દીઓને દાતાઓ અને અન્ય ટ્રસ્ટ દ્વારા "નિક્ષય મિત્ર" બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૫ માં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સર્વે કરેલ ૫૪૦૪૩ વનરેબલ વ્યક્તિઓ માંથી ૧૨૮૭૫ વ્યક્તિઓના ગળફામાં અત્યાધુનિક હિક્કું મશીન દ્વારા ૭૫% કામગીરી કરી રાજ્યમાં નર્મદા જિલ્લો પ્રથમ સ્થાને છે. જ્યારે ૧૫૩૧૦ નાં એક્સ-રે તપાસ કરવામાં આવેલ છે. નર્મદા જિલ્લાના સરકારી દવાખાનામાં સારવાર લઈ રહેલા તમામ દર્દીઓને નિક્ષય મિત્રોના સહકારથી ૧૦૦% પોષણ કિટ આપી દર્દીઓને આવરી લેવામાં આવ્યા છે.જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જનક માઢક અને જિલ્લા ક્ષય અધિકારી ડૉ. ઝંખનાબેન વસાવાએ નિક્ષય મિત્ર દેવમોગરા માઈ મંદિર ટ્રસ્ટ, શ્રી હરસિધ્ધી મંદિર સેવા ટ્રસ્ટ, દાતાઓ અન્ય ટ્રસ્ટ તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો છે.-અખંડ ભારત

## વરણામા ખાતે કાર્યક્રમ યોજાયો



શબ્બીર રાઠોડ - વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસે ભારતીય જનતા પાર્ટી વડોદરા જિલ્લા યુવા મોરચા દ્વારા ધ્રુવ કૉલેજ વરણામા ખાતે કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમ માં મુખ્ય વક્તા તરીકે પૂર્વ સાંસદ લાલજી વડોદરીયા, ભારતીય જનતા પાર્ટી વડોદરા જિલ્લા પ્રમુખ રસિકભાઈ પ્રજાપતિ, તથા કોલેજ ના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.-અખંડ ભારત

## સાઠંબામાં વેપારીની માનવતા મહેંકી



ત્રિલોક પંડ્યા - સાઠંબા ગાબટ રોડ પર આવેલી અમૂલ પાર્લર નામની દુકાને એક ગ્રાહક તેની રોકડ રકમ સાથેની થેલી ભૂલી ગયા હતા ત્યારે ઘરાકી ઓછી થતાં દુકાન માલિકની નજર તે થેલી પર પડતાં દુકાન માલિક ચિરાગભાઈ પટેલ અને પત્રકાર રાકેશભાઈ ઝાલાએ થેલીના મૂળ માલિક અહમદપુરાના ભાઈને શોધી કાઢી થેલીમાં મુકેલ ચાંદીની રકમ તથા રોકડ રકમ રૂપિયા ૩૫૦૦/- માલિકને પરત કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યુ હતું.-અખંડ ભારત

## જૂનાગઢ મનપા — કચેરીમાં ખુરશીઓ નરમ અને, શહેરમાં ભેળસેળ ખોરાક ગરમ!

કિશન બહેચા - જૂનાગઢ મહાનગરપાલિકામાં ફૂડ વિભાગના બે ઈન્સ્પેક્ટર દોઢ માસથી નિમણુંક પામેલા છે, પરંતુ આજે સુધી તાલીમ આપવામાં આવી નથી. તહેવારોની સીઝનમાં શહેરમાં ભેળસેળિયાઓ બેફામ થઈને અખાદ્ય ખોરાક વેચી રહ્યા છે, અને ફૂડ સેફ્ટી માટે અપાયેલું વાહન માત્ર શોભાના ગાંઠિયા સમાન ઊભું છે.અમારા પત્રકાર જ્યારે મનપા કચેરીએ રિર્પોટિંગ કરવા ગયા ત્યારે એક ચોંકાવનારી હકીકત સામે આવી — કચેરીમાં કામ કરતા પટાવાળાઓને કયા અધિકારી કઈ ઓફિસમાં છે એનો ખ્યાલ જ નથી. પોતાની ઑફિસ બહાર ખુરશી પાથરી મોબાઈલમાં રીલ્સ અને યુટ્યુબ જોતા તેઓ "સેવા" આપી રહ્યા છે. સારું કહેવાય કે પત્રકારોને આવી રીતે રૂમ ટુ રૂમ દોડાદોડી કરાવે છે પણ જાહેર જનતા અને અરજદારોને તો આ લોકો કેવા ઘૂમરી એ ચડાવતા હશે!અમુક મનપા કર્મચારીઓને તો એ પણ ખબર નથી કે હાલ ફૂડ ઈન્સ્પેક્ટરની જગ્યા ખાલી છે અને તેનો ચાર્જ કોને સોંપાયો છે.અરે....મનપા કચેરીમાં અમુક કર્મચારીઓ અંગૂઠા મારી હાજરી પૂરી કરે છે અને પછી ટેબલ પર ગાપા મારી મોબાઈલમાં મગ્ન રહે છે. આ દરમિયાન શહેરના ખાણીપીણી બજારોમાં ભેળસેળિયા રાજ કરે છે, અને જનતાનું આરોગ્ય સીધું જોખમમાં મૂકાય છે. મેટ્રો સિરીઝમાં ફૂડ વિભાગની સક્રીય કામગીરીથી લોકો ખુશ છે જ્યારે જુનાગઢ નગરપાલિકા રામ ભરોસે ચાલી રહી છે.?પ્રશ્ન સ્પષ્ટ છે - મનપા કચેરીમાં ફરજ નિભાવવાનો સમય ક્યારે આવશે કે હંમેશાં ફક્ત ખુરશી ગરમાવવાનું જ ચાલુ રહેશે? અને જુનાગઢના લોકોને તહેવારો બાદ બીમારીઓનો સામનો કરવો પડશે એ ચર્ચાનો વિષય છે.!? અખંડ ભારત

## જૂનાગઢઃ ખંડણી કેસમાં બે આરોપીની ધરપકડ, ઝાંઝરડા ખાતે રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું



કિશન બહેચા - જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.જે. પટેલ સાહેબની ટીમને માહિતી મળી કે, સુરત જિલ્લા જેલ ખાતે ગુજસીટોક ધારામાં રહેલ કુખ્યાત આરોપી અમીન ઈસ્માઈલભાઈ સાંધ (રવની) દ્વારા પોતાના જૂનાગઢના માણસ એજાજ ઉર્ફે એજુ કાસમમિયા બ્લોચ (ઉંમર ૩૧, રહે. જુનાગઢ, જેલ રોડ, મતવા વાડ) મારફતે દસ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી.

ફરીયાદી પાસે અગાઉ રામભાઈ રાઠોડ દ્વારા આપેલા દસ લાખ રૂપિયા બળજબરીથી વસુલ કરવા માટે એજાજ ઉર્ફે એજુ અને તેનો સાથી ઓમાનબિન સઈદભાઈ જાફાઈ (ઉંમર ૨૫, રહે. જુનાગઢ, મેમણ વાડા, બાવા ચોક, સિંધી કોલોની)એ અવારનવાર ધમકીઓ આપી હતી. આ ધમકીઓમાં જાનથી મારી નાખવાની તથા અપહરણ કરવાની ધમકીનો પણ સમાવેશ હતો.મળેલી ચોક્કસ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે એજાજ ઉર્ફે એજુ અને ઓમાનબિન સઈદભાઈ જાફાઈને જૂનાગઢ રેલ્વે સ્ટેશન નજીકથી પકડી પાડ્યા. બન્નેને કાયદેસરની કાર્યવાહી બાદ તા. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ અટકમાં લેવામાં આવ્યા છે.આજ રોજ ઝાંઝરડા ખાતે આ બન્ને આરોપીઓને બનાવવાળી જગ્યા પર લઈ જઈ રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું છે. ગુન્હાની વધુ તપાસ ચાલુ છે, અને મુખ્ય સૂત્રધાર અમીન ઈસ્માઈલભાઈ સાંધ (રહે. રવની તા. વંથલી, હાલ સુરત જેલ)ને ટ્રાન્સફર વોરંટ આધારે વહેલીતકે અટક કરવામાં આવશે. અખંડ ભારત

## ખાદરા તલાવડા પ્રાથમિક શાળામાં તિરંગા યાત્રા યોજાઈ




કાન્તિલાલ પંચાલ - સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં આવેલી ખાદરા તલાવડા પ્રાથમિક શાળા ૧૫ મી ઓગસ્ટ ને લઈ સરકાર દ્વારા ઘર ઘર તિરંગા,હર ઘર સ્વચ્છતા અને સ્વતંત્રતા ના બેનર હેઠળ ઠેર ઠેર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહી છે ત્યારે પોશીના તાલુકાના અંતરિયાળ એવા આદિવાસી વિસ્તારની ખાદરા તલાવડા પ્રાથમિક શાળામાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી જેમાં શાળાનો સ્ટાફ તથા શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો .-અખંડ ભારત

# કડાણા ખાતે તિરંગા યાત્રા યોજાઈ



જતીન જોષી - મહીસાગર જિલ્લાના કડાણા તાલુકા ખાતે તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતો જેમાં મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મહીસાગર જિલ્લા હોમગાર્ડ કમાન્ડર શ્રી જતીનભાઈ જોશી કડાણા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ગામેતીસર . ટી ડી ઓ મેડમ શ્રી કડાણા મામલતદાર શ્રી જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ તાલુકો પંચાયતના સભ્યશ્રીઓ સંગઠન વિવિધ પદ અધિકારીઓ સરપંચશ્રીઓ તથા કડાણા તાલુકાના વિવિધ સંગઠનો તથા પ્રજાજનો હાજર રહી તિરંગા યાત્રા સફળ બનાવી હતી.-અખંડ ભારત

# સંજેલીમાં તિરંગા યાત્રા યોજાઈ



સંજય રાઠોડ - ફતેપુરા વિધાનસભાના ધારસભ્ય શ્રી રમેશભાઈ કટારા ની આગેવાની હેઠળ સંજેલીમાં નિકળેલી તિરંગા યાત્રામાં સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાઈ દેશ ભક્તિના રંગે રંગાયા હતા.-અખંડ ભારત

# અડતાળા ગામે સાફ -સફાઈ હાથ ધરાઈ



કોરડિયા અરવિંદભાઈ - ગઢડા તાલુકા ના અડતાળા ગામે હર ઘર તિરંગા હર ઘર સ્વછતા સ્વતંત્રતા કા ઉત્સવ કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ અભિયાન અંતર્ગત તારીખ ૧૩/૮/૨૦૨૫ ના રોજ આ ગામે સ્વચ્છતા કે સંગ અંતર્ગત તાલુકા કક્ષા નો કાર્યક્રમ અડતાળા મુકામે રાખવામાં આવેલ છે જે માં પ્રાથમિક શાળા થી ગામની મુખ્ય શેરીઓ માં સમૂહ માં સાફ સફાઈ કરવામાં આવી આ કાર્યક્રમ ને સફળ બનાવામાં તાલુકા પ્રમુખ હિંમતભાઇ વિઠ્ઠાણી તાલુકા ભાજપ પ્રમુખ દિલીપભાઈ ડાભી તાલુકા ભાજપ મહામંત્રી જીતુભાઈ તુવર પદાધિકારી ઓ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી ગીરીરાજસિંહ ઝાલા વિસ્તરણ અધિકારી હરદેવસિંહ ગોહિલ શિક્ષકો તલાટી કમ મંત્રી પી.સી ફતેપરા તેમજ ગામ લોકો ની બહોળી સંખ્યા માં આ અભિયાન માં જોડાઈ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

# રીદ્રોલમાં મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો



સુનિલભાઈ -રીદ્રોલ જ્યોતિ વિદ્યાલયમાં જન્માષ્ટમી ઉત્સવ અંતર્ગત ધોરણ એક થી પાંચ ના બાળકો દ્વારા મટકી ફોડ કાર્યક્રમ તેમજ ગીત ઉપર ડાન્સના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ એ ઉત્સાહ ભર્યો ભાગ લીધો સમગ્ર શાળા પટરાંગણ નું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.-અખંડ ભારત

# બાયડના ગીરીરાજ કેમ્પસના મકાનમાં તસ્કરો ત્રાટક્યા

ત્રિલોક પંડ્યા - બાયડના ગીરીરાજ કેમ્પસના કુલ મુદ્દામાલ કિંમત ૨,૬૦,૦૦૦ હજારની ચોરી થવા પામી હતી. માયાબેન હસમુખભાઈ પરસોત્તમભાઈ રામી (રહે. ગીરીરાજ કેમ્પસ) ફરીયાદ અનુંસાર બપોરના સુમારે ઘરે તાળુ મારી ને અમદાવાદ ખાતે ખરીદી કરવા માટે નિકળેલ હતા અમદાવાદ ખાતે રોકાઈ ગયેલ હતા ત્યારે બાયડ ખાતે આવેલ ગીરીરાજ કેમ્પસમાં બાજુમાં રહેતા પાડોશીએ ફોન કરેલ કે તમારા ઘરનો આગળનો દરવાજો ખુલ્લો છે તેવી વાત કરેલ હતી અમદાવાદ થી બાયડ ઘરે પરત આગળા ઘરનો આગળનો દરવાજો ખુલ્લો છે તેવી વાત કરતા હતા ઘરના આગળની જાળી તોડી નાખેલ હતી ઘરમાંથી ચોરી થયેલ હતી ઘરની અંદર મુકેલ રોકડ તેમજ દાગીના કુલ કિંમત ૨,૬૦,૦૦૦ ની ચોરી થવા પામી હતી.-અખંડ ભારત

# ભરૂચ એલસીબીએ ૫.૫૩ લાખનો ઈંગ્લિશ દારૂ ઝડપ્યો

મુનાફ શેખ - ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયાના અંધારકાછલા ગામ નજીકથી કારમાં લઈ જવાતો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.ઝઘડીયા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે ગુલા ફળિયા ગામનો શશીકાંત હરીસીંગ એક ફોર વ્હિલ ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને શીયાલી ચોકડી માલપોર થઈને અંધારકાછલા તરફ જનાર છે. એલસીબીની ટીમે મળેલ બાતમીના આધારે અંધારકાછલા ગામ નજીક રોડ પર વોચ ગોઠવી હતી,અને બાતમી મુજબની કાર આવતા તેને રોકીને તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે વિદેશી દારૂનો જથ્થો કિંમત રૂપિયા ૫૩,૭૬૦/- તથા ફોર વ્હિલ ગાડી કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૫૩,૭૬૦/- ના મુદ્દામાલ સાથે સદર ઈસમ શશીકાંત હરીસીંગ વસાવા રહે. ગુલા ફળિયા ગામ તા. ઝઘડિયા જિ.ભરૂચનાને ઝડપી લઈને આ ગુના હેઠળ (૧) કંકુબેન શશીકાંત વસાવા રહે. ગુલા ફળીયા ગામ તા.ઝઘડિયા, (૨) રમણ સુપડભાઈ વસાવા રહે. ચીકલોટા ગામ તા.નેત્રંગ, જિ.ભરૂચ (વેગેનાર ફોર વ્હિલ ગાડીનો માલિક),(૩) બલવીર વસાવા રહે. કાલીજામન ગામ તા.ઉમરપાડા જિ.સુરત (માલ આપનાર),(૪) સુરેશ પરષોત્તમ પટેલ રહે.અવિધા ગામ તા.ઝઘડિયા (માલ લેનાર), (૫) યોહાનભાઈ કાંતીભાઈ વસાવા રહે.અંધાર કાછલા ગામ તા.ઝઘડિયા જિ.ભરૂચ (માલ લેનાર)નાને વોન્ટેડ જાહેર કર્યા હતા.-અખંડ ભારત

# ધોળકા નજીક ગાય સાથે અથડાતા બાઈક ચાલકનું મોત

લીમ્બાચીયા શંભુભાઈ- ધોળકાના નાયરા પેટ્રોલ પંપ નજીક ગાય સાથે અથડાયેલ બાઈક ચાલક આશીષભાઈ ગંભીર ઈજાનો ભોગ બનતા સારવાર દરમ્યાન તેમનું કરૂણ મોત નિપજતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.-અખંડ ભારત

# માલવણ કોલેજમાં સંસ્કૃત દિવસની ઉજવણી કરાઈ

જતીન જોષી

માલવણ શ્રી એન કે મહેતા એન્ડ શ્રીમતી એમ.એફ.દાણી આર્ટસ કોલેજ ખાતે બુધવારનાં રોજ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ સંસ્કૃત સપ્તાહ ઉજવણી અંતર્ગત કરવામાં આવ્યો હતો. સંસ્થાના આચાર્ય ડૉ. સીએમ પટેલ સાહેબનો શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું સંચાલન ડૉ.નરેશ વણઝારાએ સંસ્કૃતમાં કર્યું હતું. કોલેજના ૧૫ વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં પોતપોતાની કૃતિઓ રજૂ કરી હતી. ડૉ.દિનેશભાઈ પરમારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ડૉ.જાગૃતીબેન શાહે આભાર દર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ હાજર રહી કાર્યક્રમને શોભાવ્યો હતો.-અખંડ ભારત

# વિજયનગર માં ભાજપ મંડલ દ્વારા તિરંગા યાત્રા યોજાઈ



ડૉ ચંદુભાઈ પટેલ - વિજયનગર ખાતે ભાજપ તાલુકા મંડલ તેમજ વહીવટી તંત્ર અને શૈક્ષણિક સઁસ્થાઓ ના સંયુક્ત ઉપક્રમે તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. રાજ્ય સભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, પૂર્વ ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ વિજયનગર તાલુકા ભાજપ પ્રમુખ ડૉ પરેશભાઈ પટેલ તાલુકા પ્રમુખ ફૂલવન્તિબેન જિલ્લા સદસ્ય લીનાબેન પૂર્વ જિલ્લા પ્રમુખ ધીરજભાઈ પટેલ સિનિયર આગેવાન નટવરસિંહ ભાટી મહામંત્રી કિરીટભાઈ તેમજ પ્રધુમનસિંહ ભાટી તેમજ પાર્ટી ના કાર્યકર્તા જોડાયા હતા. યાત્રા એમ. એચ. હાઈસ્કૂલ થી નીકળી સમગ્ર બજાર થઈ છતરીયા સુધી પહોંચી પરત હાઈસ્કૂલ આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિજયનગર પોલીસ ઈન્સ્પેક્ટર જોશી સાહેબ તેમજ ચિઠોડૉ જૈ ખાંટ સાહેબ અને એમનો સ્ટાફ તેમજ હોમગાર્ડ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.ડીજે ના તાલે સમગ્ર વિજયનગર નું વાતાવરણ દેશ ભક્તિ માં રંગાયું હતું. સમગ્ર વાતાવરણ ભારત માતા કી જય અને વંદે માતરમ ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.-અખંડ ભારત

# વિહાર ગામમાં તિરંગા યાત્રા યોજાઈ



દેવુજી વાઘેલા - વિહાર ગામમાં તિરંગા યાત્રા માં સ્વામિનારાયણ મંદિર ના મહંત કિસાન મોરચાના ઉપાધ્યક્ષ પ્રકાશભાઇ પટેલ..માણસા ભાજપ સંગઠન ના પ્રમુખ રમેશ સિંહ.. વિહાર ગ્રામ પંચાયતના સરપંચ.. પંચાયતના સભ્યો.. વિહાર ગામના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# જાદરમાં તિરંગા યાત્રા યોજાઈ

રાણા રણજીત

સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદર, જી. સાબરકાંઠા દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત તા. ૧૨/૦૮/૨૦૨૫, મંગળવારના રોજ જાદર ગામ ખાતે ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું.



કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કે. જી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ, સપ્તધારા કન્વીનર ડૉ. એચ. એસ. સુથાર, પ્રોગ્રામ ઓફિસર (દ્વજીજી) ડૉ. એ. જે. રાવલ, આઝાદી કા અમૃત મહોત્સવ કૉ-ઓર્ડિનેટર ડૉ. અદિતિ દેસાઈના સંયુક્ત સંકલન દ્વારા 'તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# સપ્તેશ્વર મહાદેવના સાનિધ્યમાં" શિવ દર્શન"

સંજીવકુમાર શર્મા - સાબરકાંઠા જિલ્લામાં સાબરમતી નદીના કાંઠે આવેલા અતિ પ્રાચીન શ્રી સપ્તેશ્વર મહાદેવ મંદિરમાં બે દિવસ માટે શિવ દર્શન નો પ્રારંભ ૧૭મી ઓગસ્ટ ૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે થશે. આ શિવ દર્શન ની પૂર્ણાહુતિ ૧૮ ઓગસ્ટ ને સોમવારના રોજ થશે. દેશના ૧૨ જ્યોર્તિલિંગની અનુભૂતિ કરાવતા આ ચિત્રો અમદાવાદના શિવભક્ત હસમુખભાઈ પટેલે દોર્યા છે. ભગવાન શિવની વિવિધ મુદ્રાઓને અંકિત કરતા ૨૫૧ ચિત્રોના શિવ દર્શનનો પ્રારંભ ગુજરાતમાં આવેલા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથમાં ૨૦૦૬ ના શ્રાવણ પર્વમાં થયો હતો. ત્યારબાદ તમામ ૧૨ જ્યોર્તિલિંગમાં ×શિવ દર્શન×નું આયોજન કરાયું હતું. ૨૦૧૭માં મહારાષ્ટ્રમાં આવેલા ઘુષ્ણનેશ્વર જ્યોર્તિલિંગમાં આ યાત્રા સંપન્ન થઈ હતી. બાર જ્યોર્તિલિંગની યાત્રા પૂરી કરી હવે શિવદર્શન ગુજરાતના પ્રાચીન મંદિરોમાં આયોજિત કરવાનું નક્કી કર્યું છે.જેમાં આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં સાબરમતી નદી કાંઠે આવેલા પ્રાચીન મંદિર સપ્તેશ્વર મહાદેવ માં શિવ દર્શન નું



આયોજન કરાયું છે. અમદાવાદમાં પાન પાર્લર નો વ્યવસાય ધરાવતા હસમુખભાઈ પટેલ માત્ર લાલ અને કાળા એમ બે કલરનો ઉપયોગ કરી શિવ ભગવાનની વિવિધ મુદ્રાઓ અંકિત કરે છે. બાર જ્યોર્તિલિંગમાં તેમણે અંકિત કરેલી દ્વાદશ જ્યોર્તિલિંગની મહિમા ધરાવતી કૃતિઓ નું શિવદર્શન નું આયોજન પૂર્ણ થયું છે. શિવભક્ત હસમુખ પટેલ નું કહેવું છે કે ચિત્રો દોરવાની કોઈ પણ પ્રકારની તાલીમ કે શિક્ષણ લીધું નથી પરંતુ ભગવાન શિવની કૃપાથી મહાદેવના ચિત્રો દોરું છું. ભગવાન શિવનો સંદેશો વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે દર શ્રાવણ માસમાં શિવ મંદિરોમાં શિવ દર્શન નું આયોજન થાય તેવો સંકલ્પ પણ કર્યો છે આ ચિત્રો ભક્તોના દર્શન માટે જ છે .બાર જ્યોર્તિલિંગ માં શિવ દર્શનના સંકલ્પને પૂરા કર્યા બાદ હવે ગુજરાતમાં પણ શિવ દર્શન નું આયોજન કરવાનો સંકલ્પ કર્યો છે જેમાં અગાઉ ધંધુકા નજીકના ભીમનાથ મહાદેવ,બોટાદ નજીકના ઘેલા સોમનાથ અને ભાવનગર જિલ્લામાં ગોપનાથમાં શિવ દર્શન નું આયોજન કરાયું હતું.-અખંડ ભારત

# શ્રી રામદેવ મંદિર પૂજારી પરિષદ દ્વારા હર ઘર નેજા ચઢાવાનું આયોજન

રાજેન્દ્ર મકવાણા - શ્રી રામદેવ મંદિર પૂજારી પરીસદ રાષ્ટ્રીય સહિયોજક શ્રી રામદેવ બાબા ના વંશજ એવા શ્રી એડવોકેટ અમરસિંહ તવર જી ના નેતૃત્વ હેઠળ પૂરા ભારત દેશના હર મંદિર હર ગર હર પરિસર માં બાબા રામદેવ જી ભગવાન. ના ૬૪૧ માં બીજ મહોત્સવ અંતર્ગત સફળ બનાવવા માટે પંચ રંગથી રંગાયેલ નેજા



ચઢાવવા માટે ની પહેલ કરવા માં આવી છે તારીખ ૨૫ ઓગષ્ટ ભાદરવા સુદ બીજ ના દિવસે પૂરા ભારત માં ઉજવવા માં આવશે દરેક ગર ની દરેક સેવા માં બાપા નો નેજો હોવો જોઈએ અને નેજા ના માધ્યમ થી પૂરા ભારત ને બાપા રામદેવ જી ની અમર ગાથા ને જીવંત બની રહે એ હેતુ થી પૂરા ભારત માં નેજા ચઢાવવા નો ઉદેશ સાથે મળીને તમામ સાધુ સંતો મહંતો ને આ કાર્યક્રમ માં સહભાગી બનવા નો એક આ અભિગમ છે એ વિચાર ધારા હેઠળ આ આયોજન કરવામાં આવ્યું છે -અખંડ ભારત

## માલપુરમાં તિરંગા યાત્રા યોજાઈ



રાજેન્દ્ર મકવાણા

અરવલ્લી ના માલપુર તાલુકા માં ત્રિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યુ હતું.રેલી દરમિયાન માનનીય ધવલ સિંહ જાલા સાહેબ શ્રી બાયડ વિધાન સભા માલપુર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભાગ્ય શ્રી બેન પંડ્યા હસમુખ પટેલ પાદર પોલિશ જવાન હોમગર્ડ જવાન તાલુકા ના કર્મચારી શ્રી ઓ સરપંચ શ્રી ઓ અને વિદ્યાલય ના સ્ટાફ સાથે તમામ વિદ્યાર્થી મિત્રો હાજર રહ્યા હતા-અખંડ ભારત

## રસુલપુર નેસડા ગામે સ્થિત રવેચી ગોગાધામમાં નાગપંચમીની ઉજવણી



કનુ(કરણ)- ગોગા મહારાજનાઆ પવિત્ર સ્થાનકે પરંપરા મુજ ૧૦૦૮ દીવડાની ઝગમગતી આરતી અને ભવ્ય સમૂહ આરતીના દર્શન માટે ગુજરાતભરના શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.ઘંટનાદ, મંત્રોચ્ચાર અને ૧૦૦૮ દીવડાની ઝગમગાહટ વચ્ચે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ અને શ્રદ્ધાળુઓ સમૂહ આરતીમાં જોડાઈ આત્મિક શાંતિ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કરી ધન્ય થયા હતા.-અખંડ ભારત

## ઉમેદગઢમાં તિરંગા યાત્રા યોજાઈ



રાજેશ મકવાણા - ઈડર તાલુકાના ઉમેદગઢ ગામે આવેલા શ્રી સી જી મહેતા વિધા મંદિર રાટ્રીય સેવા યોજના હેઠળ શ્રી જે એમ પટેલ પ્રાથમિક શાળા ના વિધાર્થીયો સાથે વેશભુષા સાથે તિરગા યાત્રા નુ આયોજન કરવામાં આવ્યું સાથે ૭૯ મા સ્વાતંત્ર દિનની ઉજવણીના ભાગરૂપે હર ગર તિરગાયાત્રા માં જોડાયા હતા.

-અખંડ ભારત

## કડાણાની સીમમાંથી ઝાડ ઉપર લટકતો યુવકનો મૃતદેહ મળી આવ્યો

રાકેશ માલીવાડ

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના નદીનાથ વિસ્તારના જંગલમાં એક યુવકનો મૃતદેહ ઝાડ પર લટકતી હાલતમાં મળી આવ્યો છે. ગઈકાલે સાંજે આ ઘટના બની હતીકડાણા તાલુકાના નદીનાથ મહાદેવ વિસ્તારમાં ઝાડ પર લટકતી હાલત માં મળી આવીથોડા દિવસ અગાઉ આ કર્મચારી લાપતા થયો હોવાની પણ પોલીસ ને જાણ કરાવી હતી મરનાર વ્યક્તિ સંજેલી પી.ડી.સી બેન્ક ના કર્મચારી હોવાનું અનુમાન છે નામ ચીમન ભાઈ ગલજીભાઈ ભાભોર નામના વ્યક્તિ ની છે પોલીસને ઘટનાની જાણ થતાં કડાણા પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી.મૃતદેહ ડી-કમ્પોઝ થયેલી હાલતમાં મળી આવ્યો હોવાથી, તેને ઝાડ પરથી નીચે ઉતારીને પેનલ પોસ્ટમોર્ટમ માટે વડોદરા ખસેડવામાં આવ્યો છે.-અખંડ ભારત

## ઉમિયા વિદ્યા સંકુલમાં કૃષ્ણ જન્મોત્સવ યોજાયો



પટેલ અનિકેત - મોરબી જિલ્લામાં ૧૩.૮. ૨૫ ના રોજ ઉમા ટાઉનશિપ સોસાયટીમાં આવેલ ઉમિયા વિદ્યા સંકુલ સ્કૂલ દ્વારા પ્રિન્સિપાલ શ્રી અશ્વિનભાઈએ તથા સોસાયટીના પ્રમુખ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ અન્વયે મટકી ફોડ કાર્યક્રમ તથા રાસ ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું સોસાયટીના માણસો તથા સ્કૂલ સ્ટાફ દ્વારા ખૂબ સારો સહયોગ મળ્યો હતો.-અખંડ ભારત

## ઢઢેલા ગામે તિરંગા યાત્રા યોજાઈ



હસમુખ પ્રજાપતી - લીમખેડા તાલુકાના ઢઢેલા ગામમાં આજ રોજ તારીખ ૧૪/૦૮/૨૦૨૫ નારોજ સાર્વજનિક હાઈસ્કુલ ઢઢેલા ના આચાર્ય શ્રી સી. બી. પટેલ ની આગેવાની માં તિરંગા યાત્રા શાળા કેમ્પસ થી શરૂ કરી ગામમાંથી નીકળી હતી અને શાળા કેમ્પસ માં તિરંગા યાત્રા નુ સમાપન કરવામાં આવ્યું હતું આ તિરંગા યાત્રા માં શાળા ના બાળકો શિક્ષક ગણ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.-અખંડ ભારત

## મગોડીમાં કલા મહાકુંભ યોજાયો



જગતસિંહ ચાવડા

ગાંધીનગર જિલ્લાનો કલા મહાકુંભ મગોડી હાઈસ્કૂલ મા યોજાયો જેમાં શ્રી માણેકપુર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી નાથીબેન બાબુભાઈ ડોસાભાઈ ચૌધરી વિદ્યા સંકુલની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો જેમાં નીચે મુજબ વિદ્યાર્થીનીઓ એ નંબર પ્રાપ્ત કરેલ છે રબારી જસ્સી મોતીભાઈ વક્તૃત્વ સ્પર્ધા મા દ્વિતીય,ચૌધરી સાનિયા રમેશભાઈ ચિત્રકલા માં તૃતીય,શ્રી એસ.એમ.ચૌ.પ્રાથમિક શાળા ગરબા માં તૃતીય, શ્રીમતી તારાબેન રસિકલાલ ફુલચંદ શાહ સાર્વ. હાઈસ્કુલ તથા શ્રી ઈશ્વરભાઇ બાપુભાઈ ચૌધરી ઉચ્ચ. માધ્યમિક શાળા ગરબા માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું અને ગામનું ગૌરવ વધારેલ છે શ્રી માણેકપુર કેળવણી મંડળ અને શાળા પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.-અખંડ ભારત

## સરસાડ શાળાનો ઇ.આચાર્ય ૩૧ હજારની લાંચ લેતા ઝડપાયો

પરેશ પ્રજાપતિ

સરકારી માધ્યમિક શાળામાં પરિવહન યોજના હેઠળ બે સ્કૂલ વર્ધિના વાહન

ચાલકો સાથે હપ્તો બાંધ્યો હતો.આરોપી શિક્ષકે શાળા પરિવહન યોજના હેઠળ ગાડી ફેરવવા માટે ફરિયાદી પાસેથી દર મહિને ૩,૦૦૦ કમિશનની માંગણી કરી હતી. તેમણે ચાલુ વર્ષ ૨૦૨૪ના મારુતિ વાનના ૧૩,૦૦૦ અને વર્ષ ૨૦૨૫ના ત્રણ મહિનાના ૯,૦૦૦ મળી કુલ ૩૧,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.આ કાર્યવાહી ભરૂચ એસીબી પીઆઈ એમ.જે. શિંદેએ નાયબ નિયામક પી.એચ. ભેસાણીયાના સુપરવીઝનમાં કરવામાં આવી હતી.-અખંડ ભારત



વર્ષના ત્રણ મહિનાના ૯,૦૦૦,

## કર્ણાવતી મહાનગર ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



કિશન ટાંક - હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા અભિયાન અંતર્ગત આજે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કર્ણાવતી મહાનગર ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ. આ તિરંગા યાત્રામાં કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્યકક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, મહાનગરના અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, બાપુનગર વિધાનસભા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી દિનેશસિંઘ કુશવાહ ભાઈ અને સમગ્ર ટીમ સાથે પ્રદેશ, શહેર અને વોર્ડ ના હોદ્દેદારો, ધારાસભ્યશ્રીઓ, સામાજિક આગેવાનો અને હજારોની સંખ્યામાં નગરજનો જોડાયા હતા.-અખંડ ભારત

## બાયડના માર્ગો ઉપરથી ભાવિક ભક્તોનું રણુજા તરફ પગપાળા પ્રયાણ



પટેલ શર્મિષ્ઠાબેન - ભારત વર્ષમાં ધર્મનું અનેરું મહત્વ રહેલું છે. સમગ્ર વર્ષ દરમ્યાન ભક્તો પોતાના દેવી દેવતાઓના દર્શન પૂજન માટે વાહનો મારફતે અને પદયાત્રા કરીને પણ, પોતે માનેલી માનતા પૂરી કરવા જે તે મંદિરોમાં જતા હોય છે, આવી જ રીતે રાજસ્થાનમાં આવેલ રામદેવપીર ના સુપ્રસિદ્ધ મંદિર રણુજા તરફ ભાવિક ભક્તો પગપાળા જતા જોવા મળે છે, હજાર કિલોમીટર દૂર સુધી અવનવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવા છતાં એક માત્ર શ્રધ્ધાના બળે, આગળ વધતા પદયાત્રીઓને જોઈએ ત્યારે, "અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી" એ ઉક્તિ યાદ આવી જાય છે.-અખંડ ભારત

## સાબરકાંઠા સાંસદે તેમના નિવાસ સ્થાને તિરંગો લહેરાવ્યો



કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા સાસંદ શોભનાબેન બારૈયાએ તેમના નિવાસ સ્થાને તિરંગો લહેરાવી દેશભક્તિની ભાવના ઉજાગર કરી હતી.-અખંડ ભારત

## બોડેલી-પાલનપુર માર્ગે એસ.ટી. બસનો એક્ઝિટના ઉપર ના ભાગનો કાચ તૂટ્યો

મોહસિન લુહાર - બોડેલીથી પાલનપુર જતી સરકારી એસ.ટી. બસમાં ગુરૂવારે સવારે મુસાફરી દરમ્યાન ઈમરજન્સી એક્ઝિટના ઉપર ના ભાગ માં આવેલો કાચ તૂટી ગયેલો જોવા મળ્યો હતો.-અખંડ ભારત

## વડવા પટેલ ફળીના મહિલા ગૂમ



પરેશ અમલીયાર - દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વડવા પટેલ ફળિના મુકબધિર ગોહિલ માનીબેન સબુરભાઈ જેવો ગત તા. ૯ ઓગસ્ટ થી ગુમ થતાં પરિવારજનો ચિંતામાં મુકાયા છે.-અખંડ ભારત

## અમદાવાદ એસ.ટી ડિવિઝનને તહેવારો ફળ્યા



સુનિલભાઈશ્રાવણ માસમાં આવતા રક્ષાબંધનના તહેવારોને લઈને અમદાવાદ એસ.ટી ડિવિઝનને છેલ્લા ટોટલ ૪૬ કરોડ ૮૧ લાખ આવક નોધાઈ છે.-અખંડ ભારત

## મોરવા હડફમાં તિરંગા યાત્રા યોજાઈ



કટારા મુકેશ ભાઈ - મોરવા હડફ ખાતે યોજાયેલ તિરંગા યાત્રામાં સ્વયંભૂ સ્થાકીમોટી સંખ્યામાં ઉમટી પડતા સમગ્ર મોરવા હડફ વિસ્તારના પ્રજાજનો તિરંગા યાત્રામાં દેશ ભકિતના રંગે રંગાઈ ગયા હતા.-અખંડ ભારત

## માણેકપુરમાં મટકી ફોડ કાર્યક્રમ યોજાયો



રાજેન્દ્ર ઠાકર - માણસા તાલુકાના માણેકપુર ગામે હાઈસ્કૂલમાં શાળાના બાળકો અને શિક્ષકો ના સહયોગથી મટકી ફોડ ઉત્સવ ઉજવાયો બાળ કનૈયાની બચપણની લીલાઓના હુબહુ દર્શન કરાવ્યા હતા.-અખંડ ભારત

# હોકી સ્પર્ધામાં સૌરભ સંસ્કાર વિદ્યાલયની ટીમે સિલ્વર મેડલ મેળવ્યો





દિલીપ કુમાર પ્રજાપતિ - સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાત, ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારી, હિંમતનગર કચેરી દ્વારા જિલ્લાકક્ષા ૬૯ શાળાકીય હોકીની રમત સ્પર્ધા રૂમી સ્કૂલ હિંમતનગર ખાતે યોજાઈ હતી તેમાં અલગ અલગ સ્કૂલમાંથી ભાઈઓ તેમજ બહેનોએ ભાગ લીધો તેમાં સૌરભ સંસ્કાર વિદ્યાલય હિંમતનગર સ્કૂલમાં ભાઈઓ અને બહેનોએ જિલ્લામાં બીજો નંબર પ્રાપ્ત કરી સિલ્વર મેડલ અને ટ્રોફી મેળવવા બદલ સૌરભ સંસ્કાર વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી મોહનભાઇ પટેલ,શ્રી નિલેશભાઈ પટેલ, સ્કૂલના આચાર્ય શ્રી સી.વી.પટેલ સર ,દિલીપ એસ.પ્રજાપતિ સર તેમજ સ્કૂલના તમામ શિક્ષક શ્રીઓએ અભિનંદન આપ્યા હતા.-અખંડ ભારત

# સૌરભ વિદ્યાલયમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી



કૃપેશ પ્રજાપતિ - હિંમતનગર શહેરમાં આવેલ સૌરભ વિદ્યાલયમાં શાળાના પ્રિન્સીપાલ અને સ્ટાફની આગેવાનીમાં જન્માષ્ટમી પર્વની ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.-અખંડ ભારત

# દિહોર ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી




કોતર મનુભાઈ - ગણેશ શાળા-ટીમાણા સંચાલિત શ્રી વિવેકાનંદ વિદ્યામંદિર-દિહોર ખાતે કૃષ્ણ જન્મોત્સવની વિવિધ કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં જન્માષ્ટમીને અનુરૂપ વકૃત્વ સ્પર્ધા,ભગવાન કૃષ્ણના અભિનય ગીતો તથા નાટક અને શ્રદ્ધાપૂર્વક મટકી ફોડ કાર્યક્રમનું અને રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમમાં શાળાના બાળકો અને સમગ્ર સ્ટાફગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો.-અખંડ ભારત

# રાણીગામ પ્રા.શાળામાં મટકી ફોડ કાર્યક્રમ યોજાયો



જાદવ વિજયભાઈ - રાણીગામ પ્રાથમિક શાળા દ્વારા જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.રાણી ગામના યુવાનો દ્વારા રાણીગામ અને પ્લોટ વિસ્તારમાં મટકી બાંધવામાં આવી હતી અને રાણી ગામના તમામ વિદ્યાર્થીઓ દ્વારા બંને વિસ્તારમાં જઈને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલકી સાથે મટકી ફોડવામાં આવી હતી અને રાણી ગામના માતાઓ યુવા ભાઈઓ બહેનો અને સરપંચ ઉપ સરપંચ મંડળી ના પ્રમુખ તથા એસએમસી ના સભ્યો હાજર રહ્યા હતા અને ગામને ગોકુળમય બનાવી દીધુ હતુ આ સમગ્ર કાર્યક્રમમાં શાળા પરિવાર એ ખૂબ  જ જહેમત ઉઠાવી હતી.-અખંડ ભારત

# ઝાલોદ ખાતે તિરંગા યાત્રા યોજાઈ



નિલેશ પંચાલ

ઝાલોદ ખાતે તિરંગા યાત્રા નું આયોજન રાખેલ હતો સમય સાંજના છ કલાક કે બિરસા મુંડા સર્કલ ઝાલોદના શ્રી ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા તેમજ નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ તેમજ અધ્યક્ષ તેમજ કારોબારી સભ્ય બધા ને નગરપાલિકાના સ્ટાફ અને તેમજ સ્કૂલના બાળકો શિક્ષકો બહુ મોટી ભવ્ય રેલી ઝાલોદ શહેર માં ફરી એપીએમસી માર્કેટ યાર્ડમાં સમાપન કરવામાં આવી હતી.-અખંડ ભારત

# ટીંબા પ્રા.શાળાના આચાર્યનો વિદાય સમારંભ યોજાયો



વાદી બળવંતસિંહ - અગારા(ઉ)પગાર કેન્દ્રના સી.આર.સી.બારમાં આવેલી ટીબા પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે ફરજ બજાવીને પોતાના વતનના જિલ્લા બનાસકાંઠામાં ગયેલ શ્રી બળદેવભારથી ગોસ્વામી નો વિદાય સન્માન કાર્યક્રમ યોજાતા ઉપસ્થિત સૌ આયોજકો અને સ્થાનિકોએ તેમને ફરજ દરમ્યાન કરેલી કામગીરીની પ્રસંશા કરી શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# મેડા આદરજમાં તિરંગા યાત્રા યોજાઈ



અવિનાશ ચાવડા  - મેડા આદરજ ગામે તિરંગા યાત્રા નું આયોજન કરવા માં આવ્યું જેમાં શાળા ના બાળકો દ્વારા ગામ માં રેલી કાઢી ગામ ને સ્વચ્છ રાખવા માટે નારા લગાવ્યા ગામ ને એક સારો મેસેજ આપ્યો.જ્યાં ત્યાં કચરો ફેંકી ગામ ને ગંદુ કરવું નહી. પાણી નો બચાવ કરવો. આવા બધા સ્લોગન સાથે તિરંગા યાત્રા ગામમાં ફરી હતી.-અખંડ ભારત

# રમાસમાં બાળકોને માર્ગદર્શન અપાયું



પટેલ સરમિસ્ટા બેન - સમગ્ર ગુજરાતમાં જ્યારે નાગ પંચમી ની ઉજવણી થઈ રહી છે ત્યારે બાયડ તાલુકાના રમાસ ગામની શેઠ શ્રી એમ આર શાહ સરસ્વતી વિદ્યાલયના પ્રિન્સિપાલ અને વિજ્ઞાન શિક્ષક કે જેઓ પોતાના અનેક પ્રયોગો દ્વારા વિજ્ઞાન ક્ષેત્રે  ઘણી સિદ્ધિઓ હાસલ કરી છે, તેમના દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓને ઝેરી અને બિનજરી સાપોનું નિદર્શન અને ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી દ્વારા સમજૂતી આપી સાચા અર્થમાં નાગ પંચમીની ઉજવણી કરી છે. અખંડ ભારત

# પોયડા શ્રધ્ધા કોલેજમાં વૃક્ષારોપણ કરાયું



દેવેન્દ્ર પટેલ -  સાઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રધ્ધા કોલેજ કેમ્પસ પોયડા તા.ધનસુરા જિ.અરવલ્લી ખાતે ભારતીય અવકાશ સંશોધનના પિતા અને પરમાણુ યુગના પુરસ્કર્તા ડૉ.વિક્રમ સારાભાઈની જન્મ જયંતિ નિમિત્તે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મહંતભાઈ બ્રહ્મભટ્ટ અને  કોલેજ કેમ્પસના સ્ટાફ ધ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ટ્રસ્ટના પ્રમુખ હરેશભાઈ બ્રહ્મભટ્ટ ધ્વારા આજના સમયમાં વૃક્ષોનું મહત્વ, તેમજ તેની ઉપયોગીતા અને ઔષધીય વૃક્ષોનું  સ્વાસ્થ્ય માટેનું મહત્વ સમજાવ્યું હતું અને તેના જતન વિષે માહિતગાર કર્યા હતા  સમગ્ર કાર્યક્રમની સફળતા બદલ હરેશભાઈ બ્રહ્મભટ્ટએ સમગ્ર સ્ટાફ પરિવારને અભિનદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# દેવગઢ બારિયા કોલેજ ખાતે યુવા દિવસની ઉજવણી



વિપુલકુમાર બારીયા - ગુજરાત સ્ટેટ એડ્સ કંટ્રોલ સોસાયટી (દિશા ડાપકું,દાહોદ)ના માર્ગદર્શન હેઠળ  તાલુકા લેવલ નો પ્રોગ્રામ અને રાષ્ટ્ર યુવા દિવસ તેમજં જન જાગૃતિનો પ્રોગ્રામ યોજાયો હતો.-અખંડ ભારત

# હાપા ખાતે તિરંગા યાત્રા યોજાઈ



ઈશ્વરસિંહ રાઠોડ

આજ રોજ હિંમતનગર તાલુકાના હાપા ગામે તાલુકા ભાજપ સંગઠન દ્વારા ×હર ઘર તિરંગા× અને ×હર ઘર સ્વચ્છતા× અભિયાન હેઠળ તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવતા  નિકળેલી તિરંગા યાત્રામાં સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાઈ દેશ ભક્તિના રંગે રંગાયા હતા.-અખંડ ભારત

# વસી ખાતે એક્સ -રે કેમ્પ યોજાયો



જયરાજસિંહ બારડ - ટીબી મુક્ત ભારત અંતર્ગત આયુષ્માન આરોગ્ય મંદિર વસી ખાતે ૧૦૭ લાભાર્થીઓના એક જ દિવસમાં ડિજિટલ માધ્યમથી એક્સરે કરવામાં આવ્યા. આ આયોજનમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાસાના તમામ સ્ટાફના સહયોગથી લોકોનું કાઉન્સિલિંગ કરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# હાપીવાડી ખાતે બીઓબી બેંકનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નિલેષ ગોજીયા - હાપીવાડી ખાતે બેંક ઓફ બરોડા દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતા સ્થાનિક બેંક ખાતાધારકો ઉપસ્થિત રહી બેંકીગ લગતી જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.-અખંડ ભારત



## મોટાસડામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી



જયરાજસિંહ બારડ - દાંતા તાલુકાની મોટાસડા અનુપમ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં આજે જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી બારડ જીતેન્દ્રસિંહ ઈન્દ્રસિંહના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક શ્રી ઓ તથા બી.એડ ના તાલીમાર્થી બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમની સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

## શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી




હસમુખ પ્રજાપતી - લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વ ની ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાના નાના બાળકો શ્રીકૃષ્ણ અને ગોપીઓના પહેરવેશ માં આવી વાતાવરણને ગોકુળમય બનાવી દીધું હતું કાર્યક્રમ માં શાળાના બાળકો દ્વારા કૃષ્ણ ભક્તિના વિવિધ ગીતો પર નૃત્ય રજૂ કર્યા હતા જેમાં સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ સહમંત્રી સામાભાઈ ભૂરિયા રાકેશભાઈ ભરવાડ સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા ભરતભાઈ ભરવાડ દ્વારા આવેલ સૌને જન્માષ્ટમી ની શુભકામના પાઠવી હતી.-અખંડ ભારત

## મહિયાપુરમાં પદયાત્રીઓનું રાત્રી રોકાણ



રમણભાઈ એસ ખાંટ - મહિસાગર જિલ્લાના પઢિયાર ગામના પદયાત્રી છેલા ૨૦ વર્ષ થી પગપાળા રણુજા જઈ રહ્યા છે આજ રોજ અરવલ્લી ના માલપુર તાલુકા ના મહિયાપૂર ગામ માં રાત્રિ રોકાણ બાદ આજ રોજ મહિયાપુર ગામના લોકો જેમનું પુષ્પ હાર કંકુ તિલક કરી ને જેમનું દિલ થી સ્વાગત કરી યાત્રા સફળ રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## મોટા કરાડામાં મહિલાને માર મારતા નોધાઈ ફરિયાદ

સબ્બીર રાઠોડ - શિનોર તાલુકાના મોટા કરાડા ગામે વસાહતમાં રહેતી ફરિયાદી કરીનાબેન કિરણભાઈ તડવી એ લખાવેલ ફરિયાદ મુજબ કરીનાબેન ખેતરે કામ કરતા હતા ,ત્યારે અરુણાબેન રાજુભાઈ તડવી નાના છોકરાને ધવડાવવા સારું ખેતર લઈ ગયેલા, પછી ઘરે આવતા આરોપી આશિષ કરસન તડવીએ તમે મારી સાસરી સાંજરોલી ફોન કરીને બધું જણાવી દો છો, જેથી પછી મારી સાસરીના અહીંયા આવે છે, તેમ કહી ગાળો બોલી અરુણાબેન ને માથામાં લાફા મારી અને લાકડીથી ઝાપટ મારી મારામારી કરતાં કરીનાબેન કિરણભાઈ તડવી છોડાવવા સારું દોડી આવતાં તેને પણ અન્ય આરોપી દિપક સુકરામ તડવીએ માથામાં લાફા મારી ,ગળું પકડી રોડની બાજુમાં પાડી દઈ એકબીજાને મદદગારી કરી હતી તેથી શિનોર પોલીસે મારામારી તથા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરમાં ભંગનો ગુનો નોંધેલ છે. જેની તપાસ અધિક મદદની સબ ઈન્સ્પેક્ટર રમેશભાઈ કરી રહ્યા છે.-અખંડ ભારત

## દેલવાડામાં નર્મદા નીરના વધામણા કરાયા



અસ્મિતા ઠાકોર - સરસ્વતી તાલુકા ના દેલવાડા ગામમાં નર્મદા નવા નિર આવતા ગામ લોકો દ્વારા ગોળધાણા વેચીને નવા નીર ના વધામણા કરવામાં આવ્યા...!તમામ ગામ લોકોએ કેબિનેટ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતનો આ તકે આભાર માન્યો હતો.-અખંડ ભારત

## સાધલીમાં તિરંગા યાત્રા યોજાઈ




સબ્બીર રાઠોડ - હરઘર તિરંગા અભિયાન હેઠળ એસ.સી.એ. પટેલ આર્ટસ કોલેજ, સાધલીના એન.એસ.એસ. વિભાગ દ્વારા સાધલી ગામમાં તા. ૧૪/૦૮/૨૦૨૫ ના રોજ હરઘર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ કેમ્પસ સી શરૂ થયેલ આ તિરંગા યાત્રા મુખ્ય બજારમાં થઈ બસ સ્ટેન્ડ ઉપર આવી પરત કોલેજ મુકામે પહોંચી હતી .-અખંડ ભારત

## લીમડી અને ઝાલોદ ખાતે યોજાઈ તિરંગા યાત્રા




વિપુલકુમાર બારીયા - ઝાલોદ વિધાનસભાના ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ તિરંગા યાત્રા.દાહોદ જિલ્લાના ઝાલોદ અને લીમડી ખાતે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં સ્વતંત્રતા સપ્તાહ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા અભિયાન અંતર્ગત ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા ના અધ્યક્ષ સ્થાને તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રામાં લોકો હર્ષોલ્લાસ સાથે હાથમાં તિરંગા લઈ“ભારત માતા કી જય“વંદે માતરમના નારાઓથી સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગથી રંગી દીધું હતું. -અખંડ ભારત

## દાહોદ એલ.સી.બી.ની કામગીરીમાં ૧૫ વર્ષથી ફરાર, ૫૪ ગુનાઓમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી ઝડપાયો


કમલેશભાઈ પટેલ - દાહોદ એલ.સી.બી. સ્ટાફ મિલ્કત સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા તેમજ ઘણા વર્ષોથી નાસતા ફરતા ઈનામી આરોપીઓની માહિતી એકત્રિત કરવા માટે સતત વર્કઆઉટ કામગીરીમાં લાગેલા હતા.તપાસ દરમિયાન ખુલ્યું કે છેલ્લા ૧૫ વર્ષથી જિલ્લા, જિલ્લા બહાર અને રાજ્ય બહારના લૂંટ, ધાડ અને ઘરફોડ જેવા કુલ ૫૪ ગુનાઓમાં સંડોવાયેલા તથા ચોરીમાં ગયેલા મુદ્દામાલના દાગીના ખરીદનારા રિસીવર તરીકે ઓળખાતા અને પકડ વોરંટ હેઠળ વોન્ટેડ આરોપી પારસ સન ઓફ દેવીલાલ ગુણાજી સોની દાહોદ જિલ્લો છોડી મધ્યપ્રદેશ રાજયના બાજના સદર બજારમાં પરેશ નામથી વસવાટ કરી રહ્યો હતો.પી.આઇ. શ્રી એસ.એમ. ગામેતીના માર્ગદર્શન હેઠળ, પી.આઇ. શ્રી આર.જે. ગામીત અને પી.આઈ. શ્રી ડી.આર. બારૈયાની આગેવાનીમાં એલ.સી.બી.ની ટીમો દ્વારા હ્યુમન તથા ટેકનીકલ સોર્સના આધારે માહિતીનું એનાલીસિસ કરી, આયોજનબદ્ધ વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.હાલ આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત પોલીસ સ્ટેશનોને સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.-અખંડ ભારત





















**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697